धर्म निति बोधिनी.

ભાગ ૧ લો.

પુરાણોની કથા ઉપરથી.

પ્રસિદ્ધ કર્તા

ભીમભાઈ લાલભાઈ દેશાઈ.

સુરત.

આવૃતી ૨ જી.

કીંમત બે આના.

૩૭મે પાને ૮મી લીટીનો છેલ્લો શબ્દ શંખના બદલે લિખિતના વાંચવો.

ધર્મ નિતિ બોધિની.

ભાગ ૧ લો.

પુરાણોની કથા ઉપરથી.

કર્તા

શુભેચ્છક.

પ્રસિદ્ધ કર્તા

ભીમભાઇ લાલભાઇ દેસાઇ.

સુરત "જૈન" પ્રી. વ. લી. માં જેઠાલાલ દલસુખરામે છાપ્યું.

૧૯૬૭. સને ૧૯૧૧.

કીંમત બે આના.



અનુક્રમણિકા.

જાહેર ખબર.

ધર્મ નિતિ શિક્ષણ તથા રાત્રીશાળા ફંડ.

સુરત મ્યુનિસિપલ ગુજરાતી શાળાઓમાં એ શિક્ષણ આપવાની ગોઠવણ ચાલુ થઇ છે. પણ આ મોટાં અને અગત્યનાં કાર્ય માટે પૈસાની વધુ અગત્ય હોવાથી વિનંતી કરવામાં આવે છે કે પરોપકારી અને ધર્મ નીતિનાં શિક્ષણથીજ દેશની ઉન્નત્તિ ઇચ્છનારા સદ્‌ગ્રહસ્થો કાંઇ રકમ એ ફંડમાં નીચે લખેલે ઠેકાણે મોકલી આપશો તો ઉપકાર સહ સ્વિકારી મોકલેલા પૈસાની પાકી પહોંચ ટપાલદ્વારા મોકલવામાં આવશે. વળી આ ચોપડીની કીંમતના ઉપજનારા નાણાંનો પણ આજ ફંડમાં ઉપયોગ કરવામાં આવનાર છે.

મધુવચરામ બળવચરામ

પેન્સનર સબજડજ—સુરત.

ધર્મ નીતિ બોધિની

શ્રી ગણેશાયનમઃ

શ્રી ગુરૂભ્યોનમઃ

શ્રી પરમાત્મને નમઃ

પાઠ ૧ લો.

આવો બાળકો, તમે અહીં ભણવા આવ્યા તે ઘણું સારૂં થયું. જે બાળકો ભણતાં નથી તે મૂર્ખમાં ખપે છે અને લોકો તેને નઠારાં ગણે છે. તેમ તો હોશીઆર અને લાયક ગણાવવા માગો છો એ બહુ ખુશીની વાત છે. કેટલાક ભણે છે પણ ભણ્યા પ્રમાણે ચાલતા નથી એટલુંજ નહીં પણ નઠારાં કામો કરે છે અને નઠારી રીતે ચાલે છે, અને તેમ કરે છે ત્યારે તેનું ભણતર વગોવાય છે. તમે ભણીને હોશીઆર થાઓ અને જે તમને શીખવવામાં આવે તે પ્રમાણે ચાલો એટલે લોકોમાં તમારાં ઘણાં વખાણ થશે અને તમે મોટા થશો ત્યારે ઘણું માન પામશો. એવો છોકરો કે છોકરી કોઇકજ મૂર્ખ હશે કે જે લોકોમાં સારૂં કહેવડાવવા નહીં

માગે ? અહીં તમને રાજી થવાની વાર્તા શીખવીશું, તે તમારે સારી પેઠે ધ્યાન દઇ સમજવી અને સમજીને તે પ્રમાણે ચાલવું. આપણે શું શું કરવું જોઇયે, કેવી રીતે ચાલવું જોઇયે, કેવાં થવું જોઇએ એ સઘળું તમે જાણશો. અહીં શીખવાના પાઠ તમે સારી રીતે તૈયાર કરશો તો તમોને મોટા લાભ થશે. આ પાઠો પવિત્ર થઇને જે કરશે તે બીજા કરતાં ચઢીઆતા થશે. સવારના પહોરમાં વહેલા ઉઠીને ઇશ્વરનું નામ લેવું, માબાપને પગે લાગવું, દાતણ વગેરેથી પરવારી ચોખ્ખાં પાણીએ વહેલાં નાહવું, ચોખ્ખાં વસ્ત્ર પહેરવાં, ફરીથી ઇશ્વરનું નામ લઇ તેની ભક્તિ કરવી, અને પછી બરાબર મન ઘાલીને પાઠ વાંચવો, તેનો અર્થ સમજવો અને મનમાં એમ નક્કી કરવું કે એમાં લખ્યા પ્રમાણે હું પણ ચાલીશ. સાચું બોલવું, પારકાની સેવા ઉઠાવવી, કોઇ જીવના ઉપર ઘાતકીપણું નહીં ગુજારવું, લડાઇ નહીં કરવી, કજીઓ નહીં કરવો, પોતાનાં સગાં વહાલાં, દોસ્તદાર-સોબતી અને સઘળાં માણસોના ઉપર પ્રેમ રાખવો, કોઇની કંઈ વસ્તુ લેવી નહીં, અદેખાઇ નહીં રાખવી, વગેરે સારા ગુણો શીખવા અને તેવા ગુણવાળાં થવું. એ ગુણો ઘરેણાં કરતાં વધારે મોંઘા અને શોભા આપવા વાળા છે. મ્હોડેથી નીચ, કડવું, અને બીજાને ખરાબ લાગે, ક્રોધ અથવા રીસ ચડે તેવું કદી બોલવું નહીં. બાળકુવામાંથી નઠારી ગંધ ઉડે છે તેથી લોકોનું માથું દુઃખે છે અને જુદા

જુદા રોગો પેદા થાય છે, એવી નઠારી જગાએથી માણસો મ્હોડું અને નાક બંધ કરી વહેલા વહેલા આઘા ખસી જાય છે, અને જે બાગમાં સારાં સુગંધી ફુલોની ખુશબો આવતી હોય ત્યાં જઇ બેસે છે, તેને ચાહે છે અને તેથી સુખ પામે છે, માટે આપણે હંમેશ આપણું મ્હોડું ખુશબોદાર ફુલ બાગ જેવું કરવું જોઇયે. તેવું કરીને પાઠ શીખીશું અને ચાલીશું તો આપણને વહેલું આવડશે અને સહુ આપણા ઉપર પ્રીતી રાખશે. આ વાત ખુબ મનમાં કોતરી રાખજો, અને હવે તમને હું આપણી જુની જુની વાર્તાઓ કહીશ તે શીખીને તે પ્રમાણે ચાલજો એટલે તમારૂં સારૂં થયા વિના કદી રહેશે નહીં. જેમ બને તેમ વધારે સારાં થવું, લોકોની પ્રીતિ મેળવવી, અને લોકોમાં વખણાવવું એજ મુખ્ય વાત રાખજો.

ओम्

માબાપની સેવા.

ગણપતિની વાર્તા

હીંદુસ્તાનની ઉત્તરે હીમાલય નામે મોટો પર્વત છે. તેનુ ઉંચામાં ઉંચું શીખર જે કૈલાસ નામથી ઓળખાય છે તે ઘણું જ પવિત્ર અને સુંદર છે. એ કૈલાસને વિશે શિવજી તથા પાર્વતિ હંમેશ રહે છે. ત્યાં અનેક જાતનાં સુંદર વૃક્ષો, ફળ ફળાદિકની સુગંધથી વાતાવરણ પ્રાણી માત્રને સુખ આપે છે. તેમજ નિર્મળ જળનાં ઝરણો પણ સૂર્ય ચંદ્રનાં કીરણમાં ચળકી રહી ત્યાંની શોભામાં વધારો કરે છે. એ શિવજી તથા પાર્વતિ જીને કાર્તિકસ્વામિ અને ગણપતિ નામે બે છોકરા હતા. તેઓ બન્ને પોતાના માબાપની સેવામાં હંમેશ તત્પર રહેતા અને તેમના માબાપ તેઓને લાડ લડાવી તેઓની સઘળી ઇચ્છા પુરી પાડતાં હતાં. બન્ને છોકરાઓ મોટા થતાં એક દીવસે શિવજી અને પાર્વતિજી બેઠાં હતાં તે વેળા તેઓને પરણાવવાની વાત નીકળી. એ વાત બન્ને છોકરાઓ સાંભળતા હતા અને તેથી તે બન્ને જણા ઘણા રાજી થઇ ગયા અને

હરેક કહેવા લાગ્યો કે "હું પહેલો પરણીશ, મને એનાં કરતાં પહેલો પરણાવો." આ સાંભળીને તેમનાં માબાપે કહ્યું કે અમે પહેલાંથી એવો નિયમ કીધેલો છે કે જે છોકરો પૃથ્વી પ્રદક્ષિણા કરીને પહેલો આવે તેને પહેલો પરણાવવો. તમે બન્ને અમને સરખા વ્હાલા છો માટે આ નિયમ લીધો છે. આ વાત સાંભળીને કાર્તિકસ્વામી જે ઘણાજ ચંચળ અને ઝડપથી કામ કરવાવાળા હતા તે તરત પૃથ્વી પ્રદક્ષિણા કરવાને નિકળી પડયા. ગણપતિ શરીરે ભારે હતા, તેમનું પેટ ઘણું મ્હોટું હતું અને તેનાથી ઉતાવળ થાય અને જલદીથી ચલાય તેમ નહતું, તેણે વિચાર કીધો કે આ પ્રમાણે મારો ભાઈ વહેલો ફરી આવશે અને હું પરણ્યા વગર રહી જઇશ; કેમકે ચાલવામાં મારાથી તેની બરાબરી થઇ શકવાની નથી. થોડીવાર વિચાર કરી ત્યાંથી તરત તે ઉઠયા અને નાહી ધોઇ પવિત્ર થઇને બે શોભીતાં આસનો લઇને પોતાના માતા પિતાની આગળ લાવીને તેમણે મુકયાં અને તેઓને વિનંતિ કરી કે "આ ઉપર આપ બિરાજો" માબાપ પણ વિચારમાં પડયા કે "આ છોકરો શું કરે છે," પણ લાવો એ શું કરે છે તે જોઇએ તો ખરાં એમ ધારી તેઓ આસનો ઉપર બેઠાં. તેઓ બેઠાં એટલે ગણપતિએ ઘણાજ ભાવથી પુરેપુરી રીતસર પૂજા કરી અને પછી તેઓની આસપાસ પ્રદક્ષિણા કરીને લાંબા થઇને પગે લાગ્યા અને કહ્યું કે "હવે મને પહેલો પરણાવો." તેની માએ તેને કહ્યું કે "તારો ભાઇ પૃથ્વી પ્રદક્ષિણા કરવાને ગયો છે અને તું તો

હજી ઘરમાંથી પણુ બહાર નીકળ્યો નથી, છતાં તને પહેલો કેમ પરણાવાય”? ગણુપતિએ ઉત્તર આપ્યો કે “માબાપની પ્રદક્ષિણા કરી એટલે પૃથ્વી પ્રદક્ષિણા થઇ ચુકી એમ વેદ શાસ્ત્ર, અને ધર્મ શાસ્ત્ર ખુલ્લી રીતે કહે છે. વળી એમ પણુ કહેલું છે કે જે છોકરો માબાપની સેવાચાકરી છોડીને તીર્થ જાત્રા કરવા જાયછે તે દોષમાં પડે છે. સર્વે તીર્થમાં મોટું તીર્થ માતા પિતાનાં ચરણુ કમળ છે, તેની સેવાથી જે પુણ્ય મળે છે તેવુ બીજાં તીર્થ સેવ્યાથી મળતું નથી.” આ પ્રમાણે ગણપતિની યુક્તિ, બુદ્ધિ અને ભક્તિથી શિવજી અને પાર્વતિજી બન્ને ઘણાજ પ્રસન્ન થયાં અને ગણપતિનું કહેવું ખરૂં હતું તેથી સિદ્ધિ અને બુદ્ધિ નામની બે કન્યાઓ સાથે તેમનું લગ્ન કાર્તિકસ્વામિ કરતાં પહેલું કર્યું. માબાપની સેવાનો મહિમા આવો મ્હોટો છે. જે છોકરાં પોતાનાં માબાપની સેવા કરે છે તે સુખી થાય છે અને જે સેવા કરતાં નથી તે પાપમાં પડે છે. સેવા નહીં કરે તે પાપમાં પડે છે તો પછી જે છોકરો માબાપની સામા થાય અને તેને દુભવે અને દુઃખ દે તે કેમ નઠારો અને ધિક્કારવા જેવો નહી ગણાય ?

પિતૃ ભક્તિ-બોલ્યું પાળવું

ભિષ્મ.

આજથી પાંચ હજાર વર્ષ ઉપર મ્હોટાં મ્હોટાં હીંદુ રાજ્યો હતાં, અને જ્યારે પાંડવ કૌરવની ભારે લડાઇ થઈ ત્યારે તે લડાઈમાં ઘણા રાજાઓએ ભાગ લીધો હતો. એ લડાઇનું વર્ણન શ્રી વ્યાસજીનાં રચેલા મહાભારત નામના ગ્રંથમાં સવિસ્તર આપેલું છે. તે વખતે એક સંતનુ નામનો સમર્થ રાજા હતો અને તેની સ્ત્રીનું નામ ગંગાદેવી હતું. એ મહારાણી સાક્ષાત ગંગાજીનો અવતાર હતો એમ કહેવાય છે. જે કાર્ય સારૂ તેમણે મનુષ્યરૂપ ધારણ કર્યું હતું તે કાર્ય સમાપ્ત થતાં રાજા સંતનુને છોડીને તે મુળ સ્વરૂપમાં ભળી ગયાં હતાં. શ્રી ગંગા દેવીથી સંતનુ રાજાને ભીષ્મ નામે પુત્ર થયો હતો. એ ભીષ્મ પોતાના પિતાની ઘણીજ સેવા કરતો હતો અને સંપૂર્ણ રીતે મરજી સાચવતો હતો. પોતાની રાણીના વિયોગથી રાજાને અત્યંત શોક થયો હતો, અને શોકમાંને શોકમાં પોતાનો વખત ગુજારતો હતો. એક દીવસે તે ગંગા નદીના કીનારા ઉપર ફરતો હતો તે વેળા એક સત્યવતી નામની અતી રૂપાળી કન્યા તેની દ્રષ્ટીએ પડી. તેનું રૂપ એવું

તો સુંદર હતું કે તેને જોતાંવારમાં રાજા મોહ પામી ગયો અને તેને પોતાની રાણી કરવાની ઇચ્છા થઇ. તે સત્યવતીનો બાપ જેની સાથે તે રહેતી હતી તે માછી હતો. તે માછીની પાસે કન્યા દાનની માગણી રાજાએ કરી. માછીએ કહ્યું કે હું મારી પુત્રીના લગ્ન તમારી સાથે કરૂં પણ એવી શરતે કે તેનાથી જે છોકરો થાય તેને તમારૂં રાજ્ય મળે અને ભીષ્મને ગાદી મળે નહીં. ભીષ્મને પડતા મુકી સત્યવતીને છોકરો થાય તો તે રાજનો વારસ થાય એ ઘણીજ કઠીન શરત હતી અને તે સંતનું રાજાએ કબુલ રાખી નહીં અને પોતાને ઘેર ગયો. સત્યવતીથી તે એટલો બધો મોહ પામી ગયો હતો કે તેને કંઇજ કામ સૂઝતું નહીં અને દહાડે દહાડે તે વધારે લેવાતો ગયો. આ જોઇને ભીષ્મે પ્રધાનને ખાનગી રીતે પુછી ખરૂં કારણ જાણી લીધું. અને પેલા માછીની પાસે જઇને પોતાના પીતાને માટે સત્યવતીની માગણી કરી, તેમણે માછીને વિશેષ કહ્યું કે હું આ વચન આપું છું કે મારા બાપનું જે રાજ્ય છે તે ઉપરથી હું મારો વારસાનો હક છોડી દઉં છું, અને સત્યવતીથી જે છોકરો થાય તે એ ગાદીનો વારસ થઇ રાજ્ય ભોગવે. માછીએ ઉત્તર વાળ્યો કે તું ગાદીના વારસા ઉપરથી હાથ ઉઠાવે છે પણ તને છોકરા થાય ને તે વાંધો ઉઠાવે તેનું કેમ? ભીષ્મે તેજ વખતે કહ્યું કે હું પ્રતિજ્ઞા લઉં છું કે મ્હારે કદી પરણવુંજ નહીં અને કુંવારો રહીને બ્રહ્મચર્ય પાળવું. આ

પ્રમાણે નક્કી થયું ત્યારે સત્યવતીને તે માછીએ સંતનુ રાજાને આપી. ભીષ્મની આવી ઉંચી ભક્તિથી સંતનું રાજા ઘણોજ પ્રસન્ન થયો અને તેને ખરા અંતઃકરણથી આશિર્વાદ દીધો કે, હે પુત્ર તારૂં કલ્યાણ થજો અને તારી કીર્તિ વિશ્વમાં ઝળકી રહેજો.

સંતનુ રાજાને સત્યવતીથી બે છોકરા થયા પણ તે બન્ને ન્હાની વયમાં મરણ પામ્યા અને તેથી જ્યારે સંતનુ રાજા પોતે મૃત્યુ પામ્યા ત્યારે રાજ્ય ગાદી ખાલી પડી. સત્યવતી રાણીએ ભીષ્મને બોલાવીને કહ્યું કે "તારા ભાઇઓ મરી ગયા છે અને રાજ્ય ગાદી ખાલી રહી શકતી નથી. એનો ખરો અધિકારી તું છે માટે તું એ ગાદીએ બેસ અને રાજ્ય ભોગવ" ભીષ્મે તેને જવાબ દીધો કે "માતુશ્રી, તમારાં વચન વેદના જેવાં ગણું છું તેમ મારૂં આપેલું વચન પણ વેદના જેવું ગણું છું તેથી મારૂં આપેલું વચન હું કદી પણ ભંગ કરી શકતો નથો. મ્હને સકળ વિશ્વનું રાજ્ય મળતું હોય તો તે પણ મ્હારે જોઈતું નથી, અને મ્હારી જીંદગીમાં હું કદી પણ લગ્ન કરવાનો નથી. ઇંદ્ર પોતાનું વચન તોડે પણ ગંગા પુત્ર ભીષ્મ પોતાનું બોલેલું કદી પણ તોડનાર નથી." ભીષ્મના જેવા પ્રતાપી, વચન પાળનાર, પિતાના ઉપર ભક્તિભાવ રાખનાર, પોતાના હિતનો ભોગ આપનાર થોડાજ નર થશે. એમણે આગળ જતાં ઘણી કીર્તિ સંપાદન કરી, કૌરવ જેના પક્ષમાં એ

લડ્યા તેમાં અને સામા પક્ષવાળા પાંડવોમાં અત્યંત માન પામ્યા અને પુજ્ય ગણાયા એટલુંજ નહીં પણ સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાને પણ તેમનો મહીમા વખાણ્યો. તેઓ બ્રહ્મચર્ય અને સદાચરણ રાખીને જીવન મુક્તની પદવીને પામ્યા એટલુંજ નહીં પણ પોતાની નજરમાં આવે ત્યારેજ મૃત્યુ પામે એવા સમર્થ થયા.



ગુરૂની સેવા.

તોટકાચાર્ય

હીંદુસ્તાનમાં જે જે મોટા ધર્મનો ઉપદેશ કરનારા મહાન પુરૂષો થઇ ગયા તેમાં એક શ્રીમદ્ શંકરાચાર્ય હતા. તેમનો જન્મ દક્ષિણમાં મદ્રાસ ઇલાકામાં થયો હતો અને ઘણીજ ન્હાની વયમાં તેમણે સન્યાસ લીધો હતો. ઉમ્મરે નાના છતાં તેમની વિદ્વતા સહુ કોઇને આશ્ચર્ય પમાડે એવી હતી. તેમણે હીંદુસ્તાનમાં મ્હોટાં મ્હોટાં સ્થળોએ પ્રયાણ કરીને, અને સમર્થ પંડીત શાસ્ત્રીઓ સાથે ધર્મના વાદવિવાદ કરીને પોતાનો અદ્વૈત મત સ્થાપન કીધો હતો. તેઓ શ્રીમદ્ જગદ્‌ગુરૂ શંકરાચાર્યના નામથી આજ પણ માત્ર, આપણા દેશમાં નહીં, પણ આખી પૃથ્વીમાં વખણાય છે. તેમની સેવામાં ઘણા શિષ્યો રહેતા હતા અને તેમાં એક જે પાછળથી તોટકાચાર્ય નામે પ્રસિદ્ધી પામ્યા તે હતો. એ તોટકાચાર્ય પોતાના ગુરૂની સેવામાં હંમેશ હોંસ રાખતા હતા અને જરા પણ ચુકતા નહીં. ગુરૂ ઉઠે તે પહેલાં તો પોતે દંતૃ ધાવન, સ્નાન સંધ્યાદિક કરી પરવારી રહેતા, અને ગુરૂને માટે સઘળી તૈયારી કરી મુકતા, ગુરૂજી દીશા જઈ આવે કે તેમના

હાથ પગ ધોવડાવતા, તેમને વસ્ત્રો આપતા, તેમનું આસન બરાબર ગોઠવતા, અને ગુરૂની શું શું ઇચ્છા છે તે જાણીને તે ઇચ્છા પરિપૂર્ણ કરતા. ગુરૂ ઉભા રહે તો તોટકાચાર્ય પોતે ઉભો રહે, ગુરૂ બેસે પછી બેશે, ગુરૂ નિંદ્રાવશ થાય પછી પોતે સુવે, ગુરૂ કહે તે ધ્યાન દઈ સાંભળે, ગુરૂની સમક્ષ ઝાઝું બોલે નહીં અને હમેશાં વિનયથી વરતે. ગુરૂનાં વસ્ત્ર તે જાતે સારી રીતે ધોઇને સ્વચ્છ કરી લાવતો અને વખતે વખતે ગુરૂની આગળ તે લઇને ઉભો રહેતો. એક દીવસ એ વસ્ત્રો ધોવાને તે નદીએ ગયો હતો અને વસ્ત્રને બરાબર સ્વચ્છ કરતાં જરા વાર લાગી અને નિત્ય કથાનો સમય થઇ ગયો, પણ કથા સાંભળવા કરતાં ગુરૂના વસ્ત્રની તેણે કાળજી વધારે રાખી. કથાનો વખત થતાં બીજા શિષ્યો એ ગુરૂશ્રીને કહ્યું કે મહારાજ કથાનો સમય થઇ ગયો છે, શંકર સ્વામિએ જવાબ દીધો કે હજી પેલો તોટક આવ્યો નથી. બીજા શિષ્યોએ વિનંતિ કરી કે એ મંદ બુદ્ધિનો છે અને શાસ્ત્રની વાત કયે દહાડે સમજે છે, તો પછી એની વાટ શું કરવા જોવી ? આ સાંભળી શંકરસ્વામિએ વિચાર્યું કે આ લોકોને અભિમાન આવ્યું છે, તે અભિમાન ઉતારવું જોઇએ. તોટક મારા કામમાં રોકાયો છે અને મારી સેવામાં નિરંતર તત્પર છે તો તેના ઉપર મારે કૃપા કરવાની જરૂર છે. આ પ્રમાણે વિચાર કરી તેમણે તત્કાળ તોટક નદી ઉપર હતો તેને

સર્વ વિદ્યાસંપન્ન કરી નાખ્યો અને તોટકને સંસ્કૃત નહીં આવડતું હતું તે છતાં તે ભાષામાં તેને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયું. જ્યારે તે પોતાનું કામ કરીને પાછો આવ્યો ત્યારે વેદાંતના ઉત્તમ સંસ્કૃત શ્લોકો ભણતો ભણતો આવ્યો. આ જોઇ સર્વ શિષ્યો વિસ્મય પામ્યા અને ઝાંખા પડી ગયા. જે શ્લોક તે ભણતો આવ્યો તે તોટક છંદમાં હતા અને તેથી ગુરૂએ તેને તોટકાચાર્ય નામ આપ્યું હતું. શંકરસ્વામીએ જ્યારે પોતાના મઠની સ્થાપના કરી ત્યારે જ્યોતિર્મઠ ઉપર એ તોટકાચાર્યને બેસાડયા. આવી રીતે ગુરૂની સેવાથી શ્રી તોટકાચાર્ય મોટી પદ્વીને પામ્યા અને પોતાના આત્માનું કલ્યાણ કરીને બીજા અનેક જીવોને સંસારના ભયંકર સમુદ્રમાંથી તેમણે તાર્યા.



ભ્રાતૃભાવ, વચનનું પરિપાલન; અને પતિવ્રતા નો પતિ પ્રત્યે ધર્મ.

ભરત.

પૂર્વે ત્રેતાયુગમાં અયોધ્યા નગરમાં દશરથ રાજા રાજ્ય કરતા હતા. આપણા આર્ય દેશમાં કાળ એટલે સમય, વખતનાં ચાર વિભાગ કરેલા છે; ૧ સત્ય ૨ ત્રેતા, ૩ દ્વાપર અને ૪ કલિયુગ. હમણા કલિયુગ ચાલે છે એમ કહેવાય છે. સહુથી સારામાં સારો સત્યયુગ; એ યુગમાં સર્વ મનુષ્ય ધર્મને સંપૂર્ણ અને યથાયોગ્ય પાળે છે. પછી ધીરે ધીરે વખત બદલાતાં ધર્મનું બળ ઓછું થાય છે; હાલ તેનું બળ ઘણું ઓછું છે તેથી કલિયુગ ચાલે છે એમ કહેવાય છે. દશરથ રાજાને ચાર છોકરા હતા, નામે રામચંદ્રજી, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. રામચંદ્રજી તથા ભરતની મા જુદી જુદી હતી, રામચંદ્રજી, શ્રી રામ નામથી પણ પ્રસિદ્ધ છે. તેમની માનું નામ કૌશલ્યા, અને ભરતની માનું નામ કૈકેયી હતું, રામ સર્વ ગુણ સંપન્ન હતા. તેમને યુવરાજ પદવીએ અભિષેક કરીને પોતે વાનપ્રસ્થ થઇ શ્રી રામને રાજ્યાભિષેક કરી

રાજ્યાસને બેસાડવાનો દશરથજીએ નિશ્ચય કીધો અને તમામ સામગ્રી તૈયાર થઈ ગઇ. આ વાત ભરતની માના જાણવામાં આવી. તેની પાસે એક દુષ્ટ દાસી હતી તેણે તેને ચડાવી. નઠારા અને હલકા માણુસની નઠારી અને નીચી સલાહે નહીં ચાલવું જોઇયે અને ચાલીએ તો માઠું પરિણામ આવે છે એ વાત કૈકેયી ભુલી ગઇ. તે રીસાઇને બેઠી અને જાણે બહુ માંદી પડી ગઇ હોય એમ ઢોંગ કરવા લાગી. દશરથ રાજાએ તેને ઘણી સમજાવી, છેવટે દશરથ રાજા પાસે તેણે વચન લીધું કે તું કહેશે તે કરીશ. પહેલાં કોઇ પ્રસંગ ઉપર દશરથ રાજાએ તેને વચન આપ્યું હતું કે તું જે માગે તે તને આપું. તે વખતે કૈકેયીએ કહ્યું હતું કે કોઇવાર હવે પછી વખત આવશે ત્યારે માગીશ. આ વાત દશરથ રાજાને યાદ દેવડાવી તેનો તેણીએ લાભ લીધો અને દશરથ રાજાને કહ્યું કે મારા પુત્ર ભરતને અભિષેક કરો અને રામને ચાદ વરસ લગી વનવાસ મોકલો. દશરથ રાજા આ સાંભળીને ઘણોજ ખેદ પામ્યા. જાણે વજ્ર લાગ્યું હોય એવો છાતિમાં ઘા લાગ્યો પણ પોતે આગળ વચન આપ્યું હતું અને સત્યનું સેવન એ મુખ્ય ધર્મ છે એમ સમજતા હતા, તેથી લાચાર થઇ ગયા અને તે વાતની હા પાડી. બીજે દીવશે એટલે જે દીવશે યુવરાજનો અભિષેક થવાનો હતો તેજ દીવશે રામચંદ્રજીને પોતાની પાસે બોલાવ્યા; પાસે કૈકેયી બેઠી હતી.

દશરથ રાજાનો કંઠ મળી ગયો, ઘણી મહેનતે 'રામ' એટલુંજ બોલાયું, "આપની શું આજ્ઞા છે" એમ રામચંદ્રજીના પ્રશ્નનો ઉત્તર વાળવાની પણ દસરથજીને શક્તિ રહી નહોતી અને તેથી કૈકેયીએ તેમને કહ્યું કે તમારા પિતાની આજ્ઞા એવી છે કે તમારે ચૌદ વરસ વનવાસમાં જવું અને અભિષેક ભરતને કરવો. આ સાંભળી રામચંદ્રજી જરા પણ ખિન્ન થયા નહીં અને તેમણે કહ્યું કે અહો, એમાં શું મોટી વાત છે, પિતાની આજ્ઞા માથે ચઢાવવી એજ મારો ધર્મ છે, અને તેમાંજ કલ્યાણુછે, એમ કહી રામચંદ્રજી ત્યાંથી ગયા. પોતાની માની આજ્ઞા લીધી અને એટલામાંતો આખા નગરમાં હોહાકાર થઇ ગયો અને કૈકેયીને સહુ ધિક્કારવા લાગ્યા, રામચંદ્રજીની સાથે તેમના પત્નિ સીતાજીએ જવાનો આગ્રહ કીધો, તેમને રામચંદ્રજીએ ઘણું સમજાવી કહ્યું કે વન વગડામાં બહુજ દુઃખ વેઠવાનું છે અને તમે સકોમળ તે સહન કરી શકવાના નથી. પણ સીતાજીએ ઉત્તર આપ્યો કે સ્ત્રી પોતાના સ્વામીની છાયા રૂપ છે, અને તેની સાથે સદા જવીજ જોઇયે. સ્વામી દુઃખ વેઠતો હોય અને તેની સ્ત્રીએ સુખમાં રહેવું એ કેવળ પાપનું કામ છે. સુખ દુઃખમાં બન્નેમાં પતિની સાથે રહી તેની સેવા કરવી એજ પતિવ્રતાનો ધર્મ છે. સીતાજીનું એ પ્રમાણે સાથે જવાનું નક્કી થયું. શ્રી રામચંદ્રજીના નાના ભાઇ લક્ષ્મણજીએ પણ કહ્યું કે મ્હોટા ભાઇની સેવા કરવી અને તેના દુઃખમાં ભાગ લેવો, એટલુંજ નહીં પણ તેના દુઃખની

અસર મટાડવાને (ઓછી કરવાને) પ્રયત્ન કરવું એ મારો ધર્મ છે, એમ કહી તે પણ વનવાસ જવાનું નકી કરી રહ્યા. પછી ત્રણે જણે પોતાના રાજ્યવંશી વસ્ત્રો અલંકાર મુકી દઈને વનવાસને ઘટતાં વસ્ત્ર ધારણ કીધાં. આખી અયોધ્યા નગરી ત્રાહી ત્રાહી કરી રહી અને તેઓ ત્રણે જણા ત્યાંથી ગયાં, તેઓને વનમાં મુકી આવ્યાના સમાચાર પ્રધાને આવીને કહ્યા અને તે સાંભળી દશરથ રાજાએ હે રામ, હે લક્ષ્મણ, હે સીતા, "એમ વિલાપ કરતાં કરતાં પ્રાણ તજી દીધો. ભરત અને શત્રુઘ્ન એ વેળા યુધાજીત રાજાને ત્યાં ગયા હતા, ત્યાંથી તેમને તરત તેડી મંગાવ્યા. તેઓ આવ્યા પછી કૈકેયી ઘણી હોંસ અને હરખથી પોતાના કૃત્યથી દીકરો રાજી થશે એમ સમજી બધી બનેલી બીના કહેવા લાગી. એ સાંભળતાંજ ભરતજી પૃથ્વી ઉપર પડી ગયા. હે રામ, હે રામ, કરતાં કલ્પાંત કરવા લાગ્યા. થોડીવાર વીત્યા પછી ભરતજીએ પોતાની માનો ધિક્કાર કરી તેને કહ્યું કે તું ઘણીજ દુષ્ટ અને દારૂણ પાપ કરનારી છે. અમારા પિતાનો જીવ લેનારી પણ તુંજ છે, ત્હારી સાથે ભાષણ કરવું પણ ઘટારત નથી. એટલુંજ નહી પણ ભરતજી શ્રી રામચંદ્રજીની મા કૌશલ્યા પાસ ગયા, તેને પગે લાગી જે થયું તેને માટે ક્ષમા માગી, તેમની તેણે આસનાવાસના કરી. ત્યાર પછી કેટલેક દીવસે જે વનમાં શ્રી રામચંદ્રજીએ નિવાસ કીધો હતો ત્યાં નગરના ઘણા માણસો સાથે ભરતજી ગયા. શ્રી

રામચંદ્રજીને ભેટયા, અને જે થયું તેને માટે અતી શોક બતાવી વિનંતી કરી કે મારે રાજ્યનું કંઈ પણ કામ નથી, રાજયગાદીના અધિકારી તમે છો, મારી માતાએ ઘણુંજ અઘટિત કામ કર્યું છે, અને તમને મુકીને હું આયોધ્યા નગરીમાં પાછો જવાનો નથી. શ્રી રામચંદ્રજીએ ભરતજીને જ્ઞાનની વાત કહી સમજાવ્યા અને કહ્યુંકે તમેજ રાજ્ય કરો, કેમકે આપણા પિતાનું વચન મિથ્યા થવું નહીં જોઇયે, અને તે વચનને સત્ય કરી આપવું એ આપણું કર્તવ્ય છે. ભરતજી એ ઉત્તર વાળ્યો કે ભલે તેમ છે તો હું પણ તમારી સાથે વનવાસ વેઠીશ અને લક્ષ્મણજીની પેઠે આપની અને માતુશ્રી સીતાજીની સેવા કરીશ, કેમકે એમ કરવું એજ મારો ધર્મ છે. આ પ્રમાણે થાય તો રાજા વગરનું રાજ્ય થઈ જાય, માટે શ્રી રામચંદ્રજના સૂચવ્યાથી ત્યાં જે રૂષિયો હતા તેમણે ભરતજીને સમજાવ્યા ને કહ્યું કે હવે તમે પાછા રાજ્ય નગરમાં જાઓ. ભરતજી એ પ્રમાણે ગયા તો ખરા પણ પોતે રાજ્યાસન ઉપર નહીં બેસતાં શ્રી રામચંદ્રજીની પાદુકા તે ઉપર પધરાવી. અને રામના નામની આણ ફેરવી કારભાર ચલાવવા લાગ્યા. આ પ્રમાણેની ભરતજીની પણ પોતાના ભાઇ રામચંદ્રજી ઉપરની ભક્તિ અદ્દભુત હતી. તેમની કીર્તિ આજ પણ ચારે દિશાએ ગાજી રહેલી છે. રામચંદ્રજીએ નીર્માણ કરેલાં ચૌદ વરશમાં મોટાં મોટાં પરાક્રમો કીધાં અને છેવટે જ્યારે તે

અયોધ્યા ગયા ત્યારે શ્રી ભરતજી, શત્રુઘ્ન, આદી સર્વ સ્નેહી તથા રાજ્ય મંડળનો, અને સમસ્ત પ્રજાનો હર્ષ ઉભરાઇ ગયો. શ્રી રામચંદ્રજી ગાદી ઉપર વીરાજતાં સઘળે જ્ય જ્યકાર વરતી રહ્યો અને તે સમયે દેવતાઓએ પણ આકાશમાંથી ફુલની વૃષ્ટિ કરી. ધન્ય છે આવી પિતૃ ભક્તિને, ધન્ય છે આવા ભાઇના પ્રેમને, અને ધન્ય છે સીતાજીના પતિવ્રતા ધર્મને?



પિતાનો બોલ પાળવો—ગુરૂની સેવા—દાન નબળી વસ્તુનું નહિં કરવું.

નચીકેત

હજારો વર્ષની પહેલાં એક ઉદ્દાલક નામે મોટા રૂષી હતા. તેને નચીકેત નામે પુત્ર હતો, તે સમયમાં ધર્મના ઉપર લોકોની ઘણી આસ્તા હતી, અને શાસ્ત્રના નિયમ પ્રમાણે તેઓ ચાલતા હતા. માણુસ પોતાની આખી જીંદગી ગૃહસ્થાશ્રમમાં કહાડતા નહોતા, પણ પુત્ર થયા પછી પાછલી વયમાં આત્મકલ્યાણ કરવામાં ચિત્ત લગાડતા હતા. સંસારની સર્વ ઉપાધિથી છુટા થઇને બ્રાહ્મણો સંન્યાસ ગ્રહણ કરતા હતા. તે પ્રમાણે ઉદ્દાલક રૂષિ સંન્યાસ ગ્રહણ કરવાને માટે મેઘ નામે યજ્ઞ કરવા લાગ્યા. આ યજ્ઞમાં પોતાને છોકરો હોય તો તેને માટે પોતાની માલમીલકતમાંથી થોડો ભાગ જુદો કહાડી મુકી બાકીનું સઘળું સુપાત્રને દાનમાં આપી દેવું પડે છે તે પ્રમાણે રૂષિયે આપવા માંડયું. રૂષિની પાસે જે ગાયો હતી, તે ગાયોમાંથી સારી ગાય, જુદી રાખી, અને ઘરડી, નબળી પડી ગયેલી, જે વિયાતી બંધ થઇ ગયલી, તે દાનમાં આપવા માંડી. નચીકેત નાની વયનો હતો, પણ ઘણો બુદ્ધિશાળી

હતો, તેણે વિચાર કીધો કે દાનમાં સારૂં હોય તે આપવુ જોઇયે અને આવી નબળી ગાય મારા પિતા આપે છે તેથી તે દોષમાં પડે છે, મારે માટે સારી ગાય રાખી છે, એટલે હજી બધી મમતા એમનાથી મુકાઇ નથી, માટે મને પણ જો કોઇને આપી દે તો પછી એને કંઇજ મમતા રહે નહિં અને સારી જે ગાયો રાખેલી છે તેનું દાન થઇ જાય તો એમને મોટું પુણ્ય લાગે તે ઉપરથી તેણે પોતાના પિતાને કહ્યું કે હે પિતાજી, ત્યારે તમે મને કોને આપી દેશો ? રૂષિયે જવાબ નહી દીધો. તારે નચીકેતે બીજીવાર ત્રીજીવાર પુછ્યું, તે ઉપરથી રૂષિએ રીસમાં કહ્યું કે તને જમને આપીશ તે ઉપરથી નચીકેત જમને ત્યાં જવાને તૈયાર થયો પણ રૂષિએ તેને વાર્યો કેમકે તેમણે ખરેખર જમને ત્યાં મોલકવાનું કહ્યું નહોતું પણ નચીકેતે માન્યું નહી અને કહ્યું કે તમારૂં જે વચન નીકળ્યું તે સત્ય થવું જ જોઇએ, આગળ થઇ ગએલા રૂષીઓની વાત તમે સંભારો, તેમનું વચન મિથ્યા થયું નથી, તો આપનું વચન હું કેમ મિથ્યા થવા દઇશ. એમ કહી તે જમને ત્યાં ગયો પણ જમ ઘેર નહોતા તેના ઘરના માણસોએ છોકરાની પરોણાચાકરી કરવાનું બહુએ કહ્યું પણ નચીકેત જેવો તેની હા કેમ કહે તેણે વિચાર્યું કે મને મારા બાપે જમની પાસે મોકલ્યો છે તો હવે તે મારા ગુરૂ છે અને ગુરૂની આજ્ઞા વિના મારાથી કંઈજ થઇ શકે નહીં, તેથી જમ આવતા સુધી ત્રણ દીવસ તે ભુખ્યોને તરસ્સો રહયો. જમ ઘેર આ-

ળ્યા અને આ બધી હકીકત જાણી ત્યારે ઘણાજ પ્રસન્ન થયા. આ છોકરો ખરેખરો લાયક અને ઉંચી વૃત્તિવાળો છે એમ તરત સમજી ગયા અને તેને કહ્યું કે તું ત્રણ દીવશ ભુખ્યો ને તરસ્યો રહ્યો માટે તું ત્રણ વરદાન માગ, અને તે હું તને આપીશ. નચીકેતે પહેલું તો એ માગ્યું કે મારા પિતાનો રોષ ઉતરી જાય અને હું પાછો ઘેર જાઉં ત્યારે તે મારા ઉપર પ્રસન્ન થઇ પ્રેમથી જુએ. પોતાના પિતાએ રીશ કરી તે છતાં તે વાત મનમાં નહિં લાવતાં નચીકેતે ખરી પિતૃભક્તિ બતાવી. આથી યમ ઘણાજ પ્રન્ન થયા. નચીકેત તેમની પાસે રહ્યો અને તેમની તેણે ઘણી સારી રીતે સેવા કરી. શિષ્ય તરીકે પણ તેની કસોટી થઇ ગઇ, અને એ ગુરૂની મોટી સેવાનું ફળ તેને એ મળ્યું કે જમે તેને સંપૂર્ણ આત્મજ્ઞાન સમજાવ્યું તેથી નચીકેત સમર્થ જ્ઞાની થયો, તેને ઉંચા પ્રકારની શક્તિ મળી પોતાનો જન્મ સફળ કીધો, અને ત્રણ લોકમાં તેની કીર્તિ પ્રસરી રહી.

સત્ય–જુગટું.

રાજા યુધિષ્ઠિર.

આજથી પાંચ હજાર વર્ષ ઉપર એક સમર્થ ક્ષત્રી રાજા થઇ ગયા હતા. તે સમયે હસ્તિનાપુરનું મ્હોટું રાજ્ય હતું. તે રાજ માટે પાંડવ અને કૌરવ નામના પિત્રાઇઓની વચ્ચે મોટી લડાઇ થઇ હતી. જેનું સવિસ્તર વર્ણન શ્રી વ્યાસજીના રચેલાં મહાભારત નામના ગ્રંથમાં આપેલું છે. પાંડુરાજાને પાંચ છોકરા હતા, તેમના નામ યુધિષ્ઠિર, ભીમ, અરજુન, નકુળ અને સહદેવ હતા, તેમના કાકાનું કુળ કૌરવ કુળ નામથી ઓળખાતું હતું, અને તેમાં સહુથી મુખ્ય દુર્યોધન હતો. રાજના ખરા અધિકારી પાંડવ હતા, પરતું કપટથી તે રાજ કૌરવ દબાવી બેઠા હતા. દુર્યોધન દુષ્ટ સ્વભાવનો અને છળભેદવાળો હતો, તેણે યુધિષ્ઠિર રાજાને આડું અવળું સમજાવી જુગટું રમવા બેસાડયા હતા. એ રમતમાં રાજા યુધિષ્ઠિર રાજપાટ સઘળું હારી ગયા, અને કેટલાંક વર્ષ સુધી વનવાસ વેઠવાનું તેમને શીર આવ્યું છેલ્લું એક વરસ વનવાસમાં છુપાં રહેવું એમ ઠર્યું હતું અને તેમનો નિવાસ જો માલમ પડે તો પાછાં તેટલાં વરશ ફરીથી વનમાં ગાળવાં અને જો નહીં માલમ પડે તો તેઓએ

પાછા પોતાના નગરમાં આવી રાજ લેવું એમ ઠરાવ હતો. આ ઉપરથી પાંચે ભાઇઓ પોતાની મા તથા સ્ત્રીને લઇને નગરથી નીકળ્યાં, અને પૃથ્વીમાં બધે ભટકવા લાગ્યાં. એમ કરવામાં તેઓને એટલાં બધાં દુઃખ વેઠવા પડયાં, કે તે સઘળાં જો આપણે જાણીએ તો આપણું અંતઃકરણ કાંપી જાય. એ બધાનું મૂળ જુગટું રમ્યા તે હતું. જે માણસ જુગટામાં ફસાય છે તે એવો તો આંધળા જેવો બની જાય છે કે તેને પોતાનું ખરૂં હિત દેખાતું નથી, અને તેમાં આગળને આગળ જોખમમાં ધસતાં દુઃખરૂપી ખાડાઓમાં વારંવાર પડી હેરાન ગતી પામે છે, પોતાનું સર્વ ખોઇ બેશે છે અને રાણા તે રંક થઈ ઠેર ઠેર રવડે છે, આજ પરિણામ પાંડવોને આવ્યું. છેવટે જ્યારે તેઓ વનવાસ વેઠી પાછા આવ્યા, ત્યારે કૌરવોએ તેમને રાજમાંથી કંઇ પણ ભાગ આપ્યો નહીં અને અરાડ દીવશ સુધી મોટો રણસંગ્રામ મચ્યો. એ રણસંગ્રામમાં દ્રોણાચાર્ય નામે સમર્થ યોધ્ધા હતા, તે જ્યાં સુધી મરે નહીં ત્યાં સુધી પાંડવોનું કંઇ પણ વળે નહીં એમ નક્કી નહોતું. દ્રોણાચાર્ય એવાતો બળવાન હતા કે તે પોતાના હથીઆર જ્યાં સુધી છોડે નહીં ત્યાં સુધી તેને જીતવાને કોઈ સમર્થ નહોતું. તેમને એક છોકરો નામે અશ્વત્થામા હતો. એ છોકરો રણમાં પડયો એવું તે સાંભળે તોજ તે હથીઆર છોડી દે એ પ્રમાણે હતું. પાંડવના સૈન્યમાં અર્જુન ઘણો બળવાન અને આગેવાન હતો, તેનો રથ તેના મિત્ર શ્રીકૃષ્ણ ભગવાન જે

ઇશ્વરનો અવતાર હતા તે હાંકતા હતા. એ શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરના સત્યની કસોટી કરવાનો અને જો તે સત્ય ચુકે તો તેને શિખામણ આપવાનો વિચાર કીધો. યુધિષ્ઠિર રાજા સત્યવાદી અને ધર્મની મૂર્તિ હતા, અને તેમનો રથ પૃથ્વિ ઉપર નહિં અડકતાં એક વહેંત અધર ચાલતો હતો. તેને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે તમે દ્રોણની પાસે જઇને કહો કે અશ્વત્થામા પડયા, કેમકે તમારા સિવાય બીજા કોઇનું કહેવું તે માનશે નહીં; અને બીજાનું નહીં માને એ વાત ખરી હતી. યુધિષ્ઠિર રાજાએ જુઠું બોલવાની ના કહી અને કહ્યું કે અશ્વત્થામા હજી સુધી લડે છે, અને તે પડયા એમ મારાથી કેમ કહેવાય ? ત્યારે અશ્વત્થામા નામનો એક હાથી હતો તેને મારી નંખાવ્યો અને યુધિષ્ઠિરને કહ્યું કે હવે તમે જઇને કહો કે અશ્વત્થામા પડયો. શ્રીકૃષ્ણ ભગવાન જેવાનું વચન કેમ લોપાય અને અશ્વત્થામા પડયો એ પણ કંઇ ખોટું નથી એમ વિચાર કરી યુધિષ્ઠિર રાજાએ દ્રોણાચાર્ય પાસે જઇને તે પ્રમાણે કહ્યું. દ્રોણાચાર્ય જે પોતાના પુત્રનું બળ સારી પેઠે જાણતા હતા તેણે પુછયું કે નર કે કુંજર, યુધિષ્ઠિરે કાને હાથ દીધા અને નર કે કુંજર, તે હું જાણતો નથી એમ દર્શાવ્યું. દ્રોણાચાર્યે તરત હથીઆર છોડી દીધાં અને તેમ થતાં તરતજ તેમના ઉપર બાણનો વરસાદ વરસ્યો અને તે પડયા પરંતુ યુધિષ્ઠિર રાજા સત્યથી ચુકયા તેનું ફળ એ થયું કે તેમનો રથ પૃથ્વિથી અધર ચાલતો હતો, તે એકદમ પૃથ્વિપર

પડચો અને પછી સાધારણ મનુષ્યના જેવાજ તે થયા. તેમને ઘણોજ પસ્તાવો થયો કે મેં ઘણુંજ ખોટું ને પાપનું કામ કીધું. ગમે તેવા મોટા પુરૂષ પણ જો સત્યથી જરા પણ વેગળા જવાનું કહે તોપણ તેમ નહીં કરવું જોઇએ. ઇશ્વર-પોતે આવીને કહે તોપણ તે નહિં માનવું જોઇયે એવું જે પરાપૂર્વથી રૂષિ મુનીઓ કહેતા આવ્યા છે તે ખરૂં છે અને એ નિયમ મેં નહીં જાળવી રાખ્યો તેનું માઠું ફળ મને મળ્યું છે અને હું અપકીર્તિને પાત્ર થયો છું. મારૂં ગમે તેવું મ્હોટું હિત બગડતું હશે તો ભલે, પણ હું સત્યથી હવે નહીં ચુકું. મર્મવાળું પણ નહીં બોલું કેમકે ત્રણ લોકના રાજ્ય કરતાં પણ આત્માનું કલ્યાણ અને આત્માનું સુખ વિશેશ છે. આવી રીતે જુગટું રમવાથી અને જુઠું બોલવાથી ભારે હાની થાય છે માટે પ્રત્યેક સમજુ માણસે ઇશ્વર પાસે હંમેશ એજ માગવું કે હે પ્રભુ તું એ દુર્ગુણથી હમને દુર રાખ અને સત્યમાં દૃઢ કર.

દયા-અતિથીનો સત્કાર

——o○o——

રંતિ દેવ.

ભરત રાજાના વંશમાં રંતિદેવ નામે ઘણો સારો રાજા થઇ ગયો છે. તેના બાપનું નામ સકૃતિ હતું. રંતિદેવ ઇશ્વરની દૃઢ ભક્તિવાળો, સર્વ પ્રાણીઓ વિશે પ્રીત રાખનારો, અને પરોપકારને કારણ પોતાના સુખને ભોગ આપનારો હતો. દૈવ ઇચ્છાથી જે કંઇ મળી આવતું તેથી તે સંતોષ માનતો હતો, અને જો કોઇ કંઇ માંગવા આવતું તો તેને રાજી કરતો હતો અને તેથી તેની પાસે કંઇ સંગ્રહ રહેતો નહીં. ઘણીવાર તેને તથા તેના કુટુંબને ભુખ્યા રહેવું પડતું હતું અને તે છતાં તે ઘણીજ ધીરજ રાખતો હતો એક વખતે એવું બન્યું કે અડતાળીશ દહાડા સુધી તેને અપવાસ પડયો અને ઓગણપચાસમેં દહાડે કંસાર ઘી વગેરે સારૂં ભોજન ખાવાનો પ્રસંગ આવ્યો. તે જમવાની તૈયારી કરતો હતો તે વખતે ભૂખથી પીડાતો એક બ્રાહ્મણ આવી ચડયો. તેને પોતાનામાંથી જમાડયો અને બાકી રહેલું પોતે ખાવા બેસે છે કે એક બીજો માંગનાર શુદ્ર જાતીનો આવ્યો અને કરગરી પડયો. આ ઉપરથી બાકી રહેલા અન્નમાંથી

તેને પણ જમાડયો, અને તૃપ્ત કીધો. છેવટે છેક થોડું રહી ગયું હતું તે પણ રંતિદેવને ખાવાને નહીં મળ્યું. કેમકે તરતજ એક બીજો માંગનાર કુતરાઓથી વીંટળાયલો આવી લાગ્યો અને તેને તે થોડું રહેલું આપી દીધું. હવે શું કરવું ? "ચાલો પાણી પીને સંતોષ માનીશું" એમ રંતિદેવ વિચાર કરે છે. એટલામાં તરસથી તરફડીઆં મારતો એક ચંડાળ આવ્યો અને દયા ઉપજાવે એવી રીતે બોલી પાણી માગ્યું. રંતિદેવે પોતે પાણી પણ પાસે નહિં રાખતાં તે પેલાને આપી દીધું. ચંડાળ પાણી પીએ છે તે વેળા રંતિદેવ બોલ્યો કે, મારે માટે કંઇ નહીં રહ્યું તો તેની જરા ચિંતા નહીં, પરમેશ્વર પાસે હું એજ માગુ છું કે, પરાયાને થતી પીડા હું ભોગવું, અને તેઓનું દુઃખ ટાળીને તેઓને હું સુખી કરૂં; કેમકે સર્વ પ્રાણીને વિશે એકજ ભગવાન રહેલો છે, અને બીજાનું દુઃખ તે મારૂંજ દુઃખ છે. જ્યાં જોઊં છું ત્યાં ભગવાનનેજ જોઉં છું અને બીજાને સંતોષ પમાડવામાં ભગવાનનેજ સંતોષ પમાડાય છે. આ ઉપરથી પેલા અતિથિ રૂપે રંતિદેવની કસોટી કરવા આવેલા દેવતાઓ અત્યંત પ્રસન્ન થઇ ત્યાં પ્રગટ થયા, અને રંતિદેવને આશીર્વાદ દઇને અંતર્ધાન થઈ ગયા. આવી રીતે પારકાની પીડા જે જાણે છે, પારકાને માટે પોતાની જાતની પણ દરકાર કરતો નથી, દુઃખની વેળાએ ધીરજથી ચુકતો નથી, અને સઘળું ઇશ્વરમય છે, એમ જોઇ પ્રાણી માત્ર ઉપર પ્રેમ રાખે છે તેજ ખરો નર છે, અને તેજ પોતાનું કલ્યાણ કરે છે.

હરિશ્ચંદ્ર.

આપણો દેશ પવિત્ર ભુમિ કહેવાય છે તેનું કારણ શોધી કહાડવું કઠીન નથી. અહિં એવા તો સમર્થ પુરૂષો થઇ ગયા છે કે જેના જીવનચરિત્ર મનુષ્ય માત્રને પરમ ધર્મ અને નીતિ શીખવે છે. પૂર્વે હરિશ્ચંદ્ર નામે રાજા પૃથ્વિનું પાલન કરતાં, પોતાનું નામ અમર કરી ગયો છે. એક દીવસ શિકાર કરવાને માટે તે અઘોર વનમાં જઇ ચડયો અને તેને વિશ્વામિત્ર નામે એક રૂષિ ત્યાં મળ્યા. તે બેઉની વચ્ચે કેટલીએક પુછપરછ થયા પછી વિશ્વામિત્રે કહયું હે રાજન ! હું બ્રાહ્મણ છું, અને બળી મરવા તૈયાર છું, માટે મને મનમાનતી દક્ષિણા આપ. આ સાંભળી રાજા પ્રસન્ન થયો, અને રૂષિયે રાજસુય યજ્ઞની મોટી દક્ષિણા માંગી તે આપવાનું વચન આપ્યું એટલુંજ નહીં પણ વિશેષ કહ્યું કે હે બ્રાહ્મણ; હજી પણ બીજું તારે જે કંઇ જોઇતું હોય તે મને કહીદે, હું તે તને આપીશ, આ સાંભળી તે બ્રાહ્મણ વિશ્વામિત્રે ઉત્તર વાળ્યો કે હે ધર્મ જાણનારા દાનેશ્વર રાજા રથ, ઘોડા, હાથી, ધન, ધાન્ય, ભંડાર, સઘળાં સાથેજ તારૂં આખું રાજ્ય મને આપ. તે આપવાની પણ રાજાએ પ્રસન્નતાથી હા કહી, કેમકે દીલમાં કચવાઇને જે દાન આપવામાં આવે

છે તે ફળદાયક નથી. દાન કરવું તે ખરા અંતઃકરણથી અને પ્રસન્ન થઈને કરવું જોઈયે. રાજા અને બ્રાહ્મણ બન્ને જણા રાજનગરમાં આવ્યા અને રાજાએ પોતાનું રાજ્ય બ્રાહ્મણને સોંપી દીધું અને બ્રાહ્મણે રાજાને હુકમ કીધો કે મારા રાજ્યમાંથી એકદમ જતો રહે અને જ્યાં મારૂં રાજ્ય હોય ત્યાં ત્હારે રહેવું નહીં. આટલાથી તે બ્રાહ્મણ સંતોષ નહી પામતાં રાજા જ્યારે નગર મૂકી જવા તૈયાર થયો ત્યારે તેને કહ્યું કે "મ્હારી પેલી રાજસૂય યજ્ઞની દક્ષિણા તો હજી બાકી રહી તે આપની." રાજાએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે "મહારાજ મારૂં સર્વ તમે લઇ લીધું, મારી પાસે કંઇ રહ્યું નહીં, અને હમણા તે હું કેવી રીતે આપી શકું, તે છતાં પણ તે દક્ષિણા હું તમને વખત આવે આપ્યા વિના નહીં રહું; પછી એક મહીનામાં તે દક્ષિણા આપવાનું ઠર્યું, અને રાજા તેની અતિ કોમળ સુંદર સ્ત્રી તથા બાળક છોકરો નગરથી જવાં નીકળ્યાં. આ વાત જાણી નગરની આખી પ્રજા કલ્પાંત કરી રહી તેઓની પાછળ જવા લાગી, તે બહાને પણ દુષ્ટ બ્રાહ્મણે રાજાને બહુ ધમકાવ્યો. અને કહ્યું કે હે પાપી! તું મ્હારી પ્રજાના મન પણ ચોરી લઇ જાય છે. રાજાએ જરા પણ રીસ નહીં કરતાં પ્રજાને સમજાવી પાછી વાળી, અને આગળ ચાલ્યા. રાજા વિચારમાં પડયો કે એનું રાજ નહીં હોય એવી કઇ જગા હોઇ શકે કે હું

ત્યાં જઇ રહ્યું. ઘણી વારે તેને યાદ આવ્યું કે કાશી ક્ષેત્રમાં શૂળપાણી મ્હાદેવજીની સત્તા છે અને ત્યાં મનુષ્યનું રાજય નથી. તેણે કાશી જવાનો માર્ગ પકડ્યો, અને પોતાની પાસે કંઇ પણ સાધન નહીં મળે તેથી પગે ચાલીને આખો માર્ગ કાપવાનો હતો. વન વગડામાં થઇને જવાનું હતું, માથે સુરજ પુષ્કળ તપે, પીવાને પાણી નહીં મળે, પૃથ્વી સુરજના તાપથી ઘણી તપી ગયલી, પગે મ્હોટા ફોલ્લા પડવા લાગ્યા, વાઘ વરૂ અને બીજાં ઘાતકી પ્રાણીઓના ત્રાસ પમાડતાં ઘોર શબ્દ ચોગરદમ સંભળાતા જાય, રાતરે નહીં ઓઢવાનું ને નહી પાથરવાનું આવી દયા ઉપજાવે એવી સ્થિતિમાંથી તે રાજાને પસાર થવાનું હતું. સકોમળ સ્ત્રી અને બાળક જેમણે કોઇ દિવસ દુઃખનો પડછાયો પણ જોયલો નહીં, તેઓને અત્યંત પીડા પામતાં જોઇને હરકોઇ માણસની છાતી ફાટી જાય તો આ રાજાને શું થયું હશે તેનો પુરો વિચાર પણ આપણને આવતો નથી. તે છતાં ધન્ય છે એ રાજાને કે તેણે ધીરજને જરા પણ ચુકયાં નહીં, અને દૈવી ઇચ્છાને આધીન થવું એજ આપણું કર્ત્તવ્ય છે એમ સમજી બ્રાહ્મણને દક્ષિણા શીરીતે આપવી એમ ચિંતન કરતો હતો. વનવગડામાંથી પસાર થતાં વખતે વિશ્વામિત્ર બ્રાહ્મણ હાથમાં ડંડુકો લઈ સામો આવી ઉભો રહેતો પોતાની દક્ષિણાને માટે ઉતાવળ કરતો અને કેટલીકવાર તો ડંડુકાનો માર પણ મારતો હતો તે રાજાને વારંવાર

કહેતો તે દક્ષિણા આપવાની મ્હેં હા કહી નથી એમ કહેની કે હું ચાલ્યો અને પછી ત્હારૂં નામ હું નહી લઉં તોએ રાજા સત્યથી ચુકયો નહીં. અરે ! હું જુઠું કેમ બોલું, સત્યથી બીજો ઉત્તમ ધર્મ કોઇ નથી, અનેક પુણ્યના કામ માણસ કરે પણ જો સત્યથી તે ચુકે તો તે સર્વ કામ મિથ્યા થાય છે, સત્યથી જે ચુકે છે તે પોતાની કીર્તિ રૂપી તેજોમય દેહને કરૂપી કરી નાંખે છે. આ શરીર નાશવંત છે અને મોડું વહેલું તે નાશ થશેજ, પણ તેજનું શરીર સદાય રહેનારાવાળું છે. ઇશ્વર સત્ય સ્વરૂપ છે અને માણુસ માત્ર તેના સંતાન છે, તો શું સંતાન સત્યને છોડે તે યોગ્ય કહેવાય ? નહી, નહી, હું સત્યથી કદી પણ ચુકનાર નથી, જે થવાનું હોય તે થાય પણ સત્ય સત્ય. નહીં વર્ણવી શકાય એવાં અગણિત કષ્ટ વેઠતાં વાણારસી એટલે કાશી આવી પહોંચ્યાં. ત્યાં પેલો બ્રાહ્મણ પહેલાંથી તૈયાર છે. મહીનાની મુદ્દત તેજ દહાડે પુરી થતી હતી. વિશ્વામિત્રને જોઇને રાજાએ નમ્રતાથી કહ્યું કે "હે મુનીવર! આ મારો પ્રાણ, આ મ્હારી દેહ, તમારે આધિન છે, આ મ્હારી સ્રી અને પુત્રને પણ તેમજ સમજો. તમ્હારી દક્ષિણાના અવેજમા જેને જોઇયે તેને લ્યો, તેની બ્રાહ્મણે ના કહી, છેવટે રાજાની રાણી અને છોકરો બન્ને વેચાયાં અને તેમને એક બ્રાહ્મણે ખરીદ કીધાં, અને મહા પ્રતાપવાળા, આખી પૃથ્વીનું પાલન અને રાજ કરનાર

હરિશ્ચંદ્રને બ્રાહ્મણ વિશ્વામિત્રે એક ચંડાળને વેચી દીધો. દુઃખની સીમા રહી નહીં. બ્રાહ્મણ દક્ષિણા લઇને ચાલતો થયો પણ હરિશ્ચંદ્રને ધન્ય છે કે તેણે એક પણ કડવો અક્ષર કહ્યો નહિ. રાજાને રાત દિવસ સ્મશાનમાં રહેવાનું હતું અને પ્રત્યેક શબ ત્યાં આવે તેના ઉપર અમુક દામ લેવાનું હતું. એ પ્રમાણે જે ઉત્પન્ન થાય: તેમાંથી રાજાનો ભાગ આપવો અને બાકી રહે તેમાંથી અમુક ભાગ ચંડાળને પહોંચાડવો અને છેવટે જે બાકી રહે તેમાંથી પોતાનું ગુજરાન કરવું, એ પ્રમાણે ચાંડાળે તેને કહ્યું હતું. સ્મશાનની જગા ઘણીજ ભયંકર હતી, પણ રાજાએ સર્વ સહન કરી ધીરજ ધારી રાખી. આવી અવસ્થામાં એક વર્ષ વીતી ગયું. રાણી અને છોકરો બ્રાહ્મણને ઘેર દાસપણું કરતાં પણ રાજાની આવી માઠી દશાથી અજાણ હતાં. એક દીવસે તે છોકરો પોતાના માલક બ્રાહ્મણને માટે દર્ભ લેવા ગયો હતો ત્યાં તેને સર્પે ડંખ્યો ને તે મર્ણ પામ્યો. આ વાત બીજા છોકરાઓએ રાણીને જઇને કહી. રાણીએ ત્યાં જવાની રજા માંગતાં બ્રાહ્મણે તેણીને કડવા સુકન સંભળાવ્યા અને તરત રજા નહીં આપતાં ઘણીવાર પછી જવા દીધી. રાણી છોકરાનું મૃત્યુ થયલું જોઇને અત્યંત કલ્પાંત કરવા લાગી, ને મૂર્છા પામી ગઇ. પછી છોકરાના શબને લઇને સ્મશાનમાં આવી. ચાંડાળ જેવો થઈ ગયલો રાજા ત્યાં હતો; પણ

તેનું રૂપ કેવળ બદલાઇ ગયલું હતું. રાણી પણ નહીં ઓળખાય એવી થઇ ગઇ હતી, તેથી પહેલાં રાજા રાણીએ એક બીજાને ઓળખ્યાં નહીં, રાણીએ ત્યાં પણ બહુ કલ્પાંત કીધું અને છોકરાને જોઇને રાજાને પણ પોતાનો પુત્ર સાંભરી આવ્યો. પાછળથી એક બીજાની વાતથી રાજા તથા રાણીએ પરસ્પર ઓળખ્યાં અને ઓળખ થતાંજ બન્ને જણાં બેભાન થઇ પૃથ્વી ઉપર પડયાં. કેટલોક વખત વીત્યા પછી બન્ને ઉભાં થયાં અને શબને માટે ચિતા સળગાવવાની તૈયારી કરી. હરિશ્ચંદ્ર રાજાએ અંતરમાં બિરાજમાન એવા જે ભગવાન તેનું સ્મરણ કર્યું. એમ કરતામાં તે ભગવાન સાક્ષાત ત્યાં આવી ઉભા, બીજા દેવો પણ ત્યાં વીંટલાઇ વળ્યા, આકાશમાંથી પુલની વૃષ્ટી થઇ, છોકરાનું ઝેર ઉતરી જતાં ફરી જીવતો થઇ ઉભો થયો, અને સઘળે જય જયકાર ગાજી રહ્યા. રાજા હરીશ્ચંદ્ર અને તેની રાણી પોતાના પ્રથમ રૂપને પામ્યા, અને તેઓને હર્ષની આંસુધારા ચાલી. રાજા રાણી અને છોકરો જેનું નામ રોહિત હતું તેઓ શ્રી ભગવાનને અને ઇંદ્રાદિક દેવતાઓને પગે લાગ્યાં અને દેવતાઓએ તેમને ફરી ફરીને આશિર્વાદ આપ્યા. તેઓને સારી રીતે સમજાવીને કહ્યું કે જે બ્રાહ્મણે રાણીને અને છોકરાને લીધાં હતાં તે તેમજ જે ચાંડાળને ત્યાં રાજા સેવક થયો

હતો. તે ખરેખરા દેવતા હતા અને બ્રાહ્મણ અને ચાંડાળના રૂપ માત્ર તેમની ખાતર લીધાં હતાં. રાજાને પોતાની અયોધ્યા નગરી પાછી પ્રાપ્ત થઇ અને તેનું ફરી રાજ્ય થતાં સર્વ પ્રજા હર્ષથી ઉત્સવ કરવા લાગી. રાજા હરિશ્ચંદ્રને માટે એમ ગવાય છે કે, "હરિશ્ચંદ્ર સરખો રાજા થયો નથી અને થશે પણ નહીં. એનું આખ્યાન જે સાંભળશે તે ઘણો દુઃખી હશે તોપણ મોટા સુખને પામશે."



ધર્મ અને અધર્મ.

શંખ ને લિખિત.

શંખ અને લિખિત નામના બે બ્રાહ્મણો એક નદીના કિનારા ઉપર પોતાના જુદા જુદા આશ્રમ કરીને રહેતા હતા. એ બન્નેના આશ્રમોને લગતી વાડીઓ હતી કે જેમાં ફુલ ફળાદિકનાં શોભિતાં ઝાડ મનને લલચાવતાં હતાં. એક દીવસે લિખિત પોતાના ભાઇની વાડીમાં ફરતો હતો તેવામાં કેટલાંક સ્વાદિષ્ટ ફળ પાકેલાં જોઇને તેના ભાઇની ગેરહાજરીમાં અને તેને પુછી આવ્યા વિના તોડી ખાવા લાગ્યો એટલામાં શંખ ત્યાં આવી પહોંચ્યો અને પોતાના ભાઇને આ પ્રમાણે કરતો જોઇને આશ્ચર્ય પામ્યો અને કહેવા લાગ્યો કે આ ફળ ક્યાંથી લાવીને ખાય છે? લિખિતે જવાબ દીધો "એ આ તમારીજ વાડીના છે." શંખે કહ્યું "હે ચોર, પારકી વસ્તુ તેના ધણીની રજા વિના તું લે છે? રાજા પાસે જઇને તારો અપરાધ કહી દે કે તને શિક્ષા કરે." લિખિત બહુજ શરમાઇ ગયો અને નીચે મોહડે પોતાના ભાઇની આજ્ઞા માનીને રાજા પાસે ગયો. તે બ્રાહ્મણ હતો અને તેને આવતો જોઇને રાજા ઉઠી ઉભો

થયો અને તેણે ધાર્યું કે એ કંઇ માંગવા આવ્યો હશે. આ ઉપરથી રાજાએ કહ્યું કે હે રૂષિજી ! તમારી જે ઇચ્છા હોય તે કહી દો અને તે પ્રમાણે મ્હારી વતી થયલુંજ સમજો. લિખિતે રાજાને કહ્યું કે હે ભૂપતિ, મ્હારા ભાઇની વાડીના ફળ મેં તેને પુછયા વિના ખાધાં છે, અને તેને માટે મ્હને શિક્ષા કરો. રાજા બહુજ આશ્ચર્ય પામ્યો પણ લિખિતનો આગ્રહ જોઇને તેને શિક્ષા ફરમાવી. તે વખતે ચોરીને માટે જે નિયમ હતો તે પ્રમાણે શંખના બન્ને હાથના પોંચા કાપી નાંખવામાં આવ્યાં. પછી લિખિતે પોતાના ભાઇ શંખને જઇને બનેલી બીના કહી, અને તેની પાસે માફી માંગી. શંખે કહ્યું કે હવે નદીમાં જઇને સ્નાન કર, અને તર્પણ કરી આવ. તે પ્રમાણે લિખિત ગયો અને નદીમાં નાહ્યો અને તેમાં ઉભા રહીને તર્પણ કરવા માટે જેવાં હાથનાં ઠુંઠાં ઉંચા કરે છે કે તેના કપાઇ ગએલા પોંચા ફરીથી હાથને આવી મળ્યાં, અને પહેલાં જેવા હાથ હતા તેવા થઇ રહ્યા. ફરીથી પોતાના ભાઇ શંખને આ વાત જઇને કહી. શંખે કહ્યું કે જા, મ્હારાજ આશિર્વાદથી એ પ્રમાણે થયું છે અને હવે તું ચોરીના દોષથી છુટી પવિત્ર થઇ ચુકયો છે. લિખિતે કહ્યું કે ત્યારે આ બધું શું કરવા કીધું, મ્હને પહેલાંથીજ પવિત્ર કીધો હોત તો કેવું ? શંખે કહ્યું કે અપરાધીને શિક્ષા કરવી એ મારૂં કામ નથી

પણ રાજાનું કામ છે. તેં મ્હારી આજ્ઞા માની, પસ્તાવો કીધો, સાચું બોલ્યો અને શિક્ષા ભોગવી તેથી તું શુદ્ધ થયો. રાજાએ પોતાની ફરજ બજાવી તેથી રાજાનું પણ શુભ થયું, અને તેં તર્પણ કીધું તેથી દેવતા, ઋષી અને પિતૃ તૃપ્ત થયા એ પણ મોટો લાભ થયો. લિખિત આ સાંભળી ફરીથી પોતાના ભાઇને પગે લાગ્યો અને બે ભાઇ વચ્ચેનો પ્રેમ જરા પણ ઓછો થવાને બદલે વૃદ્ધિ પામ્યો. ચોરી કરવી એ કેવું મોટું પાપ છે એ આ ઉપરથી હંમેશ ધ્યાનમાં રાખવાનું છે. કારણકે પોતાના ભાઇની વાડીનું ફળ ખાવું એ જો બેઉ હાથના પોંચા કાપી નાખવા જેવો મ્હોટો અપરાધ ગણાય તો અન્યની વસ્તુ ચોરી લેવી એ કેટલો નીચ અપરાધ ગણાય ?

દાન-યોગ્યતા વિના પદની પ્રાપ્તી.

બળિ રાજા.

ઇશ્વરે અધર્મનો નાશ કરી ધર્મને ચલાવવાને માટે આપણી પૃથ્વી ઉપર અવતાર લીધા છે એમ આપણા ધર્મનાં પુસ્તકો પોકારી પોકારીને કહે છે. એ અવતારોમાં એક વામન અવતાર હતો. તે લાખો વર્ષ પહેલાં થઇ ગયો છે. બળિ નામે મોટો રાજા થઈ ગયો છે. તે એવો તો બળીઓ હતો કે દેવતાના રાજા ઇંદ્રને પણ તેણે હરાવીને ઇંદ્રપુરીને પોતાને તાબે કરી હતી. દેવતાઓ તેનાથી ઘણો ત્રાસ અને ભય પામ્યા હતા, અને તેથી તેઓએ વિષ્ણુ ભગવાનની ઘણી પ્રાર્થના કરી કહ્યું કે, હે પ્રભુ, આ વેળા તમે અમારૂં રક્ષણ કરો અને અમારા રાજા ઇંદ્રને પોતાનું રાજ્ય ફરીથી અપાવો. આ પ્રાર્થના વિષ્ણુ ભગવાને સાંભળી હતી. હવે એવું બન્યું કે બળિ રાજા નર્મદા નદિને કીનારે ઉત્તરે હાલમાં જયાં ભરૂચ છે તેની પાસે મ્હોટો યજ્ઞ કરતો હતો, તે ઉદાર દીલનો અને મોટાં દાન આપવાવાળો હતો. એ યજ્ઞમાં તેના પુરોહિત અથવા ગોર શુક્રાચાર્ય હતા. એ યજ્ઞ ચાલતો હતો તે વખતે વિષ્ણુ ભગવાન વામન સ્વરૂપે એટલે

ન્હાના બાળક બ્રહ્મચારી રૂપે ત્યાં આવી ઉભા. તેમને માથે જટા હતી, હાથમાં કમંડળ હતું, પાસે મૃગચર્મ હતું અને તેમના મોહોડા ઉપર અદ્દભૂત તેજ ઝળકી રહ્યું હતું. તેમણે યજ્ઞમંડપના બારણા આગળ બેશીને વેદના મંત્ર લલકારી આકાશ ગજાવી મુકયું. બળિ રાજાનો યજ્ઞ અટકી પડયો. રાજાએ વામનજીને અંદર બોલાવી મંગાવ્યા અને તેમને આસન ઉપર બેસાડી, પૂજા કરી અને પૂછયું કે હે પ્રભુ, તમે ઘણી કૃપા કરી. માટે મને શું આજ્ઞા છે ? આપની જે ઇચ્છા હશે તે હું પરિપૂર્ણ કરીશ. ગુરૂ શુક્રાચાર્ય ઘણા સમર્થ અને જ્ઞાની હતા. તેમણે પોતાના યજમાનને કહ્યું કે હે રાજા બળિ, આ બાળક રૂપથી તું ભોળવાઇશ નહીં. એ તો વિષ્ણુ ભગવાન છે અને તે તને છળવાને આવેલા છે. બળિ રાજાએ જવાબ દીધો કે ભલે ગમે તે હોય તોપણ હું દાન આપવા માગું છું તો એ જે માગશે તે આપીશ. દાન એ ધર્મનું મુખ્ય લક્ષણ છે. દાન કરવું તો નબળી વસ્તુંનું કરવું નહીં પણ સારામાં સારીનું કરવું, અને એ જો મ્હારૂં રાજ માંગશે તો તે પણ હું પ્રસન્ન ચિત્તથી આપીશ. વામનજીએ બળિ રાજાને કહ્યું કે હે મ્હોટા દાનેશ્વર મ્હારે તો બીજું કંઇ જોઇતું નથી પણ મ્હારે પોતાને માટે ઝુંપડી બાંધવી છે, તેને સારૂ માત્ર મારા ત્રણ પગલાં જેટલી પૃથ્વિ આપ. બળિ રાજા આશ્ચર્ય પામ્યો ને બોલ્યો કે હે બ્રહ્મચારી,

તેં આ હસવા જેવું શું માગ્યું.? તારી વય નાની છે. તેવીજ બુદ્ધિ પણ દેખાય છે, તું કંઇ વધારે માગ. વામનજીએ ઉત્તર વાળ્યો કે ના, મારે એટલુંજ બસ છે. બળિરાજાએ હાથમાં પાણી લીધું, શુક્રાચાર્યે તેને બહુ વાર્યો પણ તેણે માન્યું નહીં અને વામનજીના હાથમાં પાણી મુક્યું. પાણી મુક્યું કે વામનજીનું સ્વરૂપ વધવા માંડ્યું, તે એટલું મોટું થઇ ગયું કે એક પગલું ઉંચે આકાશમાં અને એક પૃથ્વી ઉપર. તેણે બળિરાજાને કહ્યું કે હે રાજા આ બે પગલાં થયાં, ત્રીજું પગલું આપ. ત્રીજું પગલું હવે ક્યાંથી લાવે? તે છતાં બળિ રાજા જરાએ ગભરાયો નહીં અને તેણે કહ્યું કે હે પ્રભુ, આ મારી દેહ પૃથ્વી રૂપ છે માટે ત્રીજું પગલું મારા માથા ઉપર પગ મુકીને લ્યો. વામનજીએ તેને માથે પોતાનો પગ મુકી પાતાળમાં દાબી દીધો. પણ તેની ઉદાર દાનની વૃત્તિ, દૃઢતા અને ભક્તિ જોઇ અત્યંત પ્રસન્ન થયા, અને પોતાની અચળ ભક્તિ આપી એટલુંજ નહીં પણ તેને પાતાળનો રાજા કીધો અને હવે પછી સમય વીતતાં ઇંદ્રપુરીનું રાજ તેને મળશે અને તમામ દેવતાઓનો રાજા તે થશે. જેને માટે પોતે બરાબર રીતે લાયક થયો નહોતો તે મેળવવા માટે તેણે પહેલાં જે મેહનત કરી અને દૈવયોગે તે પામ્યો, તેનું પરિણામ છેવટે આવું આવ્યું કે જે પદવીને તે લાયક નહોતો તે પદવી પરથી તે નીચે પડ્યો,

પણ એની વિષ્ણુ ભગવાન ઉપર ભક્તિ અપાર હતી. તેની ધીરજને પણ ધન્ય છે, તેમજ દાનને માટે તો આજ પણ બળિ રાજાની કીર્તિ ચારે દીશામાં પ્રસરી રહેલી છે. બ્રાહ્મણને આપવાને માટે અથવા પુજાના કાર્ય માટે પાન સોપારી વગેરે જે વસ્તુઓ જોઇતી હોય તો તે નબળામાં નબળી આપણામાંના ઘણા લાવીએ છીએ અને પાપમાં પડીએ છીએ. તેથી કેવળ ઉલટીજ વૃત્તિ બળિરાજાની હતી, અને તેથીજ તેણે જરા પણ ખિન્ન થયા વિના પ્રસન્ન મનથી ત્રણ પગલાં પૃથ્વીમાં પોતાનું સર્વ આપી દીધું.



પર સ્ત્રીનો મોહ—ન્યાયનો પક્ષ.

રાવણ અને વિભિક્ષણ.

પૃથ્વી ઉપર સ્ત્રી અને પૈસો એ બે મોટી મોહીની છે. એ બેથી જે માણુસ નથી લલચાતો તેજ ખરો વીર પુરૂષ છે. ઘણા માણસો પરાઇ સારી વસ્તુ જોઇને અદેખાઇ કરે છે, અને તેને મેળવવાને બનતો પ્રયત્ન કરે છે. જે વસ્તુ બીજાની છે તે તેમની મરજી વિના લેવી એ ચોરી છે અને જે એમ લે છે તે ચોર છે. પારકી સ્ત્રી ગમે તેવી ખુબસુરત હોય તોપણ તેથી માણુસે મોહ પામવો નહીં. જો તે છતાં કોઇ મોહ પામે છે અને તે સ્ત્રીનું સુખ મેળવવા મથન કરે છે તો પાછળથી તેની ઘણી અપકીર્તિ થાય છે, ને કલેશ કરાવે છે, બીજાઓને વેરી કરે છે, અને પોતે મોટા દુઃખ અને સંકટમાં આવી પડે છે, એટલુંજ નહિં પણ પોતાનો નાશ કરનાર થઈ પડે છે. આપણે જે રામચંદ્રની વાત કહી ગયા તે રામચંદ્રજી પોતાની સ્ત્રી સીતાજી સાથે જ્યારે બાપની આજ્ઞાથી વનવાસ વેઠતા હતા ત્યારે એક દીવસે લંકાનો રાજા રાવણ જે સીતાજીના સુંદર સ્વરૂપથી અંત્યત મોહિત થયલો હતો તે રામચંદ્રજીની ગેરહાજરીમાં કપટ કરીને સંન્યાસીનો વેશ લઇને સીતાજી પાસે આવ્યો,

સીતાજીને ભોળવી નાંખ્યા, અને કપટથી તેનું હરણ કરીને લંકામાં લઇ ગયો. ત્યાં સીતાજીને તેણે બહુ સમજાવ્યાં, બહુ ધમકી આપી, બહુ લાલચ આપી તોએ પવિત્ર સીતાજીએ તેને તુચ્છકારી કહાડયો. જ્યારે રામચંદ્રજીને આ વાતની ખબર પડી ત્યારે તેમણે સૈન્ય તૈયાર કર્યું અને લંકા ઉપર ચડાઇ કરીને તેને ઘેરો ઘાલ્યો. હવે રાવણને કુંભકર્ણ અને વિભિષણ નામે બે ભાઇ હતા. વિભિષણને રાવણનું કૃત્ય જરા પણ રૂચ્યું નહીં અને દ્વેષ ભરેલું લાગ્યું. તેણે રાવણને કહ્યું કે તેં જે કામ કર્યું છે તે પાપનું કામ છે, અને તેનું પરિણામ માઠું આવ્યા વિના રહેવાનું નથી, માટે રૂડું એજ છે કે સીતાજીને તેમના ધણી શ્રી રામચંદ્રજીને આપી દો અને શ્રી રામચંદ્રજીની માફી માગો. આ કડવાં પણ હિતકારી વચન રાવણને રૂચ્યાં નહીં અને ઉલટો તેને ક્રોધ ભરાયો. વિભિષણને લાગ્યું કે ભાઇએ ખોટું કામ કર્યું છે અને તે કામમાં તેને મદદ કરવી એ ધર્મના માર્ગથી ચુકવા જેવું છે. તેથી તે શ્રી રામચંદ્રજીના પક્ષ પર ગયો કેમકે ત્યાંજ ન્યાય હતો. પછી શ્રી રામચંદ્રજી અને રાવણ વચ્ચે ભારે લડાઈ થઇ. તેમાં રાવણ, તેનો ભાઈ કુંભકર્ણ તેના કુટુંબના માણસો, તેનાં સગા સ્નેહી અને બીજા લાખો માણસો માર્યાં ગયાં; લંકા પણ શ્રી રામચંદ્રજીએ લઇ લીધી અને સીતાજી જે પોતાનું પતિવ્રત ઉત્તમ પ્રકારે જાળવી

શકયાં હતાં તે તેમને ફરી મળ્યાં અને સઘળે જય જય કાર ગાજી રહ્યો. આ પ્રમાણે થયા પછી શ્રી રામચંદ્રજીએ લંકાનું રાજ્ય રાવણનું હતું અને તેનો ખરો અધિકારી વિભિષણ છે, અને તે વિભિષણ સત્ય અને ધર્મને માર્ગે જનારો છે એમ વિચારી જોયું, અને પોતે ધર્મમૂર્તિ, ન્યાય મૂર્તિ, સત્ય મૂર્તિ હતા તેથી એ રાજ્ય વિભિષણને આપીને પોતાને હાથે તેને રાજ્યાસનપર બેસાડી પોતાનું મ્હોટું મન, અને પોતાની ઉદાર વૃત્તિ ખુલ્લી રીતે બતાવ્યા. આ પ્રમાણે હમેશ ધર્મો જય છેવટે થયા વિના રહેતો નથી.

બીજાનું હિત કરવું.

દધિચી મુની.

ઇશ્વરે આપણને માણસનો અવતાર આપ્યો છે, તો તેમાં આપણે શું કરવાનું છે ? શું જીંદગીનો હેતુ માત્ર ખાવું પીવું સુવું અને મોજ મઝા કરવી એજ છે ? આપણે આસ પાસ નજર કરી જોઇએ છીએ તો શું જણાય છે ? સુરજ, ચંદ્ર, અને તારા પ્રકાશે છે તે શું પોતાને માટે ? ના, ના, તે તો જગતના હિતને માટે, તેમજ પૃથ્વી અનેક પ્રકારની ધાતુ, અનેક પ્રકારનાં ધન ધાન્ય નીપજાવે છે તે પણ પોતાને માટે નહીં પણ બીજા પ્રાણીઓના ઉપયોગને માટે, ઝાડો પણ પોતાના ફળ ફુલ પોતાના ઉપયોગમાં લેતાં નથી પણ સર્વે પ્રાણીને તે આપે છે; ગાય, ભેંસ, દુધ આપે છે તે પણ પારકાનાં સારાં માટે; બળદ, ઘોડા વગેરે જાનવરો પોતાના શરીર માણસની સેવામાં આપે છે, આ ઉપરથી જીંદગીનો હેતુ પોતાનો સ્વાર્થ સાધવાનો નથી, પણ તન, મન, અને ધન બીજાનાં સુખને માટે વાપરવાનાં છે એમ સમજાય છે. જેમ એક કુટુંબના સઘળાં માણસો અરસપરસ પ્રેમથી જોડાઇ રહીને ચાલે છે તેમ આખા જગત્‌ને એક મોટું કુટુંબ ગણવાનું છે. ઇશ્વર સહુનો માબાપ છે અને પ્રાણી માત્ર

તેની પ્રજા છે. માટે જેમ એક ભાઇ પોતાના ભાઇને માટે પ્રાણ પાથરવા તૈયાર રહેછે તેમ એક માણસે બીજાઓને સુખ કરવાને હંમેશ તૈયાર રહેવું જોઇયે અને પ્રયત્ન કરવું જોઇયે. પારકાંને સુખ કરવું, પારકાનું દુઃખ ઓછું કરવું, અને ટુંકામાં પરાયું હિત સાચવવું એ મોટું પુણ્યનું કામ છે, અને એ પ્રમાણે કરવાને માટેજ આ માણસની દેહ આપણને મળી છે. વૃત્રાસુર નામે મોટો દૈત્ય થઇ ગયો છે, તે એટલો બધો બળવાન હતો કે ત્રણ લોકને એટલે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળને તે મહાન પીડા કરતો હતો, અને ધ્રુજાવતો હતો. દેવતાઓ પણ તેના ત્રાસથી બહુ ગભરાયા અને વિષ્ણુ ભગવાનની તેઓએ ઘણી પ્રાર્થના કરી કે હે પ્રભુ અમને દુઃખમાંથી ઉગારો. હવે એ દૈત્યને જીતવાનો અને મારવાનો એકજ ઉપાય હતો, અને તે એ હતો કે દધિચિ રૂષિના જો હાડકાં મળે તો તેનું હથીઆર બનાવી વાપરવું, પણ સમર્થ દધિચીરૂષિ તો જીવતા હતા, છતાં દેવતાનો રાજા ઇંદ્ર તેમની પાસે ગયો અને ઘણીજ નમ્રતાથી તેણે રૂષિને સઘળી હકીકત કહી અને કહ્યું કે હવે સુઝ નથી પડતી કે શું કરવું. રૂષિયે ઇંદ્ર રાજાને કહ્યું કે હે ઇંદ્ર! ચિંતા શું કરવા કરે છે? દેહ ધારીઓને મરવું એતો નિશ્ચય છે, પછી મોડું કે વહેલું; જો પોતાની દેહ બીજાના ઉપયોગમાં નહી આવી તો તે શું કામની છે, જીવને ખરૂં સુખ મેળવવાને માટે પરાયું હિત કરવું એના

જેવું બીજું ઉત્તમ સાધન નથી. હું એકલો એકલપેટો થઇને મારી દેહ સાચવી રાખીશ તેથી શું કલ્યાણ થવાનું છે, પારકી પીડાને જે જાણે છે અને તે મીટાડવા મથન કરે છે તેજ પરમેશ્વરને વહાલો છે, માટે હું મારા દેહનો ત્યાગ કરૂં છું; તમે મારા હાડકાં લઇને તેનું હથીઆર બનાવો, દૈતને જીતો અને સુખી થાઓ. એ પ્રમાણે પછી કરવામાં આવ્યું અને ત્રણ લોકની પીડા ટળી. ધન્ય છે એ રૂષિને કે જેણે પોતાની દેહની દરકાર નહીં રાખતાં, પારકાનાં હિત માટે તેનો ભોગ આપ્યો. આવા તો બીજા ઘણા દાખલા બનેલા છે, અને તે ઉપરથી આપણને શિખામણ મળે છે કે:—

પરાર્થે પોતાના માત્ર હિતનોજ નહિં પરંતુ દેહનો પણ ભોગ આપવાનો પ્રસંગ આવે તો તેવે પ્રસંગે જેઓ પોતાના દેહનો ભોગ આપીને પણ પરાર્થ સાધવા ચૂકતા નથી, તે મનુષ્યો મનુષ્ય દેહને સફલ કરે છે.

હિંસા–સત્ય–પતિવ્રત.

ચ્યવન રૂષિ અને સુકન્યા.

એક શર્યાતિ રાજાને ઘણી રાણીઓ છતાં સંતાનમાં માત્ર એકજ સુકન્યા નામે ઘણી વહાલી છોકરી હતી. તે છોકરીનું સ્વરૂપ એવુંતો સુંદર હતું કે ચંદ્રમા પણ તેની આગળ ઝાંખો પડે. શરીર સકોમળ અને સુગંધીમય હતું, તે રાજાનાં નગરની પાસે એક મોટું સરોવર હતું અને તે સરોવરની આસપાસ વનની શોભા થઇ રહી હતી. તે જગાએ ચ્યવન નામના રૂષિ લાંબા સમયથી તપ કરી રહ્યા હતા. તેઓ એવું ભારી તપ કરતા હતા કે તેમના શરીરની આસપાસ માટી બાઝી ગઇ હતી અને ઝાડની ઘટાથી તે જરા દેખાતા પણ નહોતા. માત્ર તેમની બે આંખ થોડી ચળકયા કરતી હતી. એક દિવસે તે રાજા પોતાની રાણી અને બીજા કેટલાંક માણસોની સાથે તે સરોવરમાં ક્રીડા રમવા ગયા, અને તેમની સાથે જે સુકન્યા ગઇ હતી તે પોતાની સખીઓની સાથે રમત ગમત કરતી ફુલવીણતી જયાં પેલા રૂષિ તપ કરવામાં ગુંથાયલા હતા ત્યાં જઇ પહોંચી. તેણે રૂષિને તો જોયા નહીં પરંતુ તેમની બે આંખ ઝીણા તારા જેવી ચળકતી હતી તે જોઇ. આ શું હશે એમ તે વિચારવા લાગી. પછી સુકન્યાએ એક કાંટો લાવી બન્ને આંખોમાં ઘોંચ્યો અને તેથી

તે તપસ્વિની બન્ને આંખો ફુટી ગઇ અને તે આંધળા થયા. બાળકો વગર વિચારે, વગર સમજે અડપલું કરે છે અને તેથી બીજાને કેટલી બધી પીડા થાય છે તે આ ઉપરથી સમજવાનું છે. રમત ગમતમાં પણ કોઇને પીડા કરવામાં આવે તો તે દોષ ભરેલું છે. કોઇ આપણને દુઃખ દે અને જેવું લાગે તેવુંજ બીજાને લાગે છે. જેને પીડા થાય તે કેટલો નિશાસો મુકે છે અને નિશાસાથી પીડા કરનારને કોઇ પણ રીતે પાછળથી નુકસાન થાય છે. અડપલું કરતાં હુંમેશ બીહીતાં રહેવું એ નિયમને તોડયો ત્યારે તેનું ફળ સુકન્યાને કેવું મળ્યું તે જુવો. નિરપરાધી બિચારા રૂષિને પીડા થતાં રાજાની સાથે આવેલા તમામ માણસોને દુઃખ આવી પડયું અને અમુક રીતે તે પીડાવા લાગ્યાં. આનું કારણ કંઇ સમજાયું નહીં અને તેથી રાજાએ પોતાને મહેલ જઇને તપાસ કરી. તે જાણતો હતો કે સરોવરની પાસે રૂષિનું સ્થાન છે. અને તેથી તેને એમ લાગ્યું કે તે રૂષિનો કોઇથી અપરાધ થઈ ગયો હશે. એ તપાસમાં સુકન્યાએ બનેલી વાત ખરેખરી કહી દીધી, અને તેણે કિંચિત પણ છુપું નહીં રાખ્યું ને જુઠું પણ નહીં બોલી. રાજાને માલમ પડયું કે સુકન્યાએ અજાણપણે રૂષિની આંખ ફોડી નાંખી છે. તેણે રૂષિ પાસે જઇ ક્ષમા માગી અને રૂષિ અશક્ત થઇ ગયા. તેથી તેની સેવા કરવાને પોતાની વહાલી સુકોમળ છોકરીને તેને

પરણાવી. સુકન્યા પોતે અપરાધી થઇ છે એમ સમજી પ્રસન્ન ચિત્તથી રૂષિની સાથે લગ્ન કરવાને પોતાના માતા પિતાને કહેતી હતી. અંતે તેના માંગ્યા પ્રમાણે લગન ગયાં અને તે રૂષિની સાથે રહેવા લાગી. પોતાના ધણીની તે બેહદ સેવા કરતી હતી, અને રૂષિને કંઇ પણ ઉણુ પડવા દેતી નહીં. તેને દાતણ કરાવે, સ્નાન કરાવે, જમાડે, વસ્ત્ર પહેરાવે, નિત્ય કર્મ કરાવે, બેસાડે, ફરવા લઇ જાય, પથારી પાથરી સુવાડે, પગ ચાંપે, ઇત્યાદિક કંઇ પણ બાકી રાખે નહીં. એક સમયે તે સરોવર ઉપર પાણી લેવા ગઈ હતી, તે વેળા દેવતાઓના વૈદરાજ અશ્વિનીકુમાર ત્યાં આવી પહોંચ્યા, અને તેઓની નજર તેના ઉપર પડતાંજ તેઓ મોહીત થઇ ગયા. તેઓએ સુકન્યાને ઉભી રાખી તેનાથી સઘળી હકીકત જાણી લીધી અને પછી કહ્યું કે હે રાજકન્યા ! તું આવી સકોમળ, સુંદર, ભર જુવાનીવાળી, રાજ કુળની, હાથમાં ને હાથમાં ઉછરેલી તને આ આંધળો અને ઘરડો વર લાયક નથી; તું અમારી સાથે ચાલ. આ સાંભળી સુકન્યાએ ઉત્તર આપ્યો કે હે આશ્વનિકુમારો, મેં વગર વિચારે હિંસા કરી તેથી મ્હારા સ્વામિની આંખ ગઇ છે. મેં ઘણુંજ ખોટું કામ કીધું તો તેનું ફળ મ્હારે ભોગવવું જોઇયે. મ્હારા કૃત્યથી સ્વામિ અશક્ત થયા છે તો તેમની સેવા કરવી એજ મારો ધર્મ છે. વળી પતિ ગમે તેવો

નઠારો હોય, આંધળો હોય, લુલો હોય, શરીરે ગમે તેવી ખોડખાંપણવાળો હોય, દુરાચારી હોય, દુષ્ટ હોય, ગમે તેવો હોય તોપણ પતિવ્રતાનો ધર્મ તો એજ છે કે તેની ખરા અંતઃકરણથી સેવા કરી તેને પ્રસન્ન કરવા. સ્વામિની સેવા એજ સ્ત્રીનો ઉત્તમ ધર્મ છે. શરિરનું ક્ષણીક સુખ જે જોય છે, તે સ્વર્ગનું સુખ ખોય છે. તમારે પણ તમારી સ્ત્રીઓને પાળવી જોઇએ, સ્ત્રીની બુદ્ધિ થોડી હોય છે. તે ઉપર પુરૂષોએ હંમેશ વિચાર કરી પોતાની સ્ત્રીને સુખ આપવાનું મુકીને બીજી સ્ત્રીના ઉપર જે મોહ પામે છે, તે અઘોર પાપ કરનારા થાય છે. આ સાંભળી અશ્વિનિકુમાર ઘણોજ સંતોષ પામ્યા. તે સુકન્યા ઉપર અત્યંત પ્રસન્ન થયા. તેની સાથે ચ્યવન રૂષિ પાસે ગયા. સુકન્યાએ ત્યાં બનેલું વૃત્તાંત પોતાના પતિને કહી દીધું, અને વિશેષ વિનંતિ કરી કે આ દેવતાના વૈદરાજ આપને સારૂં કરવા માટે અહીં પધારેલા છે. પછી અશ્વિનિકુમારે રૂષિજીની આંખ સાજી કરી એટલુંજ નહીં પણ તેમને સુંદર સ્વરૂપ અને ભર જોબન આપ્યાં. આ સમાચાર રાજ્ય નગરમાં પહોંચતાં સઘળે આનંદ અને ઉત્સવ થઇ રહ્યો. વૈદરાજ પોતાને ઘેર ગયા અને સુકન્યા પોતાના વહાલા પતિ ચ્યવન રૂષિની સાથે ઉત્તમ સુખ ભોગવવા લાગી.

ક્રોધ-ક્ષમા.

વિદુર.

ન્હાના છોકરાંઓ વારંવાર એક બીજા સાથે રીસાય છે, ક્રોધ કરે છે, અને કડવાં વચન કહે છે; એટલુંજ નહીં પણ મારામારી કરી પડે છે. આ પ્રમાણે કરવું તે શું સારૂં છે? આગળ થઇ ગયલા મ્હોટા પુરૂષો શું એ પ્રમાણે કરતા હતા? ના, ના, તેઓ ક્રોધ કરતા નહીં અને ક્ષમા કરવાને હંમેશાં તત્પર હતા, ક્રોધ અને રીસ નહીં કરવાને અને માફી આપવાને માટે સર્વ ધર્મના પુસ્તકોમાં વારંવાર ઉપદેશ કરવામાં આવેલો છે. રાજા ધૃતરાષ્ટ્રને દુર્યોધન નામે છોકરો હતો, તે દુર્યોધન પોતાના પિત્રાઇ ભાઈ પાંડવોના ઉપર બહુજ દ્વેષ રાખતો હતો અને પાંડવોનું રાજ પણ પચાવી બેઠો હતો; એટલુંજ નહીં પણ પાંડવોને કપટથી બાળી મુકવાની તેણે ગોઠવણો કરી હતી, અને તેઓને વનવાસ કહાડ્યા હતા. પાંડવો વનમાંથી પાછા આવ્યા અને પોતાના ખરા હકની માંગણી કરવા લાગ્યા. એ વેળાએ રાજા ધૃતરાષ્ટ્રે પોતાના ભાઇ વિદુરને પુછ્યું કે આપણે શું કરવું. વિદુર પ્રમાણિક અને સારા સ્વભાવનો હતો. તેણે કહ્યું કે પાંડવો સાથે

સલાહ કરવી, તેઓનો રાજ્ય પાછું આપવું અને જે આજ સુધીમાં થયું તેની માફી માંગવી. રાજા આ સાંભળી ક્રોધ કરી પડયો અને તેણે વિદુરને રીસ કરીને અનેક કડવાં વચન કહ્યાં અને તેમાં સાચું જુઠું અને માઠું લાગ્યા વિના રહે નહીં એવું ઘણુંજ કહ્યું, અને તેની આગળથી ઉઠીને એકદમ ચાલી ગયા. વિદુરનું આવી રીતે અપમાન થયા છતાં તે શાંતિથી જરા ચળ્યો નહીં અને પાંડવો પાસે ગયો.

થોડા વખત પછી ધૃતરાષ્ટ્રને લાગ્યું કે મેં ઘણુંજ ખોટું કીધું અને તેથી સંજયને બોલાવીને કહ્યું કે તું જા, જોઇ આવ, વિદુર હજી જીવે છે કે કેમ? કેમકે તેને ઘણુંજ માઠું લાગ્યું હશે, અને રીસાઇને તેણે કંઇ નવું જુનું તો નથી કીધું. ? પાંડવો જે વનમાં રહેતા હતા ત્યાં વિદુર પાસે જઇને સંજયે કહ્યું કે તમારા ભાઇ–રાજા તમને બોલાવે છે અને જે થયું તેને માટે તે બહુ દલગીર થયા છે. વિદુર ઘણો શાંત અને શાણો હતો. તેના ભાઈને ક્રોધ ચડયો અને તેણે ખોટી વર્તણુક ચલાવી તેથી તે મનમાં જરા કચવાયો નહોતો. બીજા જે કંઇ કરે તેનું ફળ તેઓને છે, તે આપણને લેશ વળગતું નથી; અને આપણે જો સામું તેવી રીતે કરીએ તો તેના જેવાજ આપણે બનીએ અને ગણાઇએ, એમ વિદુર સારી પેઠે સમજતા હતા. તે તરત ત્યાંથી ઉઠીને પોતાના ભાઇ પાસે ગયા, તેને ભેટયા અને પ્રસન્ન મુખે બોલ્યા કે તમારા

દર્શણ કરવાને હું આતુરજ હતો, અને તેથી વહેલો વહેલો આવ્યો છું, જે થઇ ગયું તેનો હવે વિચાર અને શોચ કરશો નહીં; અને મ્હારા મનમાં એ બાબત કંઇ છેજ નહીં. આવી રીતે તેણે કહીને રાજાને શાંત પાડયો અને રાજા ઘણુંજ શરમાઇ ગયો અને નીચે મોહડે પસ્તાવો કરવા લાગ્યો. આ પ્રમાણે આપણે સહુ જો ચાલિયે તો કલેશ થતો કેટલો અટકે, સ્નેહ અને સંપ કેટલો વધે, અને સઘળાને કેટલું સુખ થાય?



અપકારનો બદલો ઉપકાર.

દુર્યોધન અને ચીત્રસેન.

દુષ્ટ દુર્યોધને પાંડવો જે તેના પિત્રાઇ થતા હતા, તેને કપટ કરી જુગાર રમાડયા, તેઓનું રાજપાટ અને સર્વ લઇ લીધું; તેમની પતિવ્રતા સ્ત્રી દ્રૌપદીને જોર જુલમથી પોતાની સભામાં ઘસડી મંગાવી, તેનાં વસ્ત્ર ઉતારી લેવાનો પ્રયત્ન કીધો, તે સઘળાઓને બાર વરસ સુધી વનમાં કહાડયાં, તેઓને લાખનું ઘર બાંધી તેમાં રાખી ઘર સળગાવી મુકયું અને બીજી બહુ રીતે તેઓને કનડીને દુઃખ દીધું. એ વાત હે પ્રિય બાળકો ? હવે તો તમોએ જાણી હશેજ. પણ એટલાથી સંતોષ ન પામતાં દુર્યોધને પોતાના મિત્ર અને સોબતીઓ સાથે વિચાર કીધો કે આપણે રાજ્ય વેશ સંપૂર્ણપણે ધારણ કરીને રાજ્યના સઘળા ઠાઠમાઠ સાથે વનમાં જયાં પાંડવોનો મુકામ છે ત્યાં જવું, અને તેઓને ગરિબ દુઃખ ભરેલી અવસ્થામાં જોવા, અને આપણી સાહેબી બતાવી તેઓને બાળવા. એ વિચાર કરી તેઓ વનમાં ગયા, અને ડેરા તંબુ મારી મનમાં મલકાવા લાગ્યા. ત્યાં પડોશનાં ચિત્રસેન નામે ગંધર્વનાં માણસો આવીને રહેલાં હતાં તેઓને મદથી છલકાઇ ગયેલા દુર્યોધનનાં માણસે ત્યાંથી હાંકી કહાડવાને ફાંફાં માર્યાં. એક બીજાને તેમાં ખુબ મારા

મારી થઇ, એક જાતની લડાઇ પણ જાગી, અને તેમાં દુર્યોધનને ચિત્રસેને હરાવી બાંધી લીધો, અને તેના સોબતી મિત્ર અને સૈન્યનાં માણુસો નાસી ગયા. આ માણુસો પાંડવોના આશ્રમે જઈ ચડયાં. તેઓને પાછલી વાતનો જરાપણ વિચાર નહીં કરતાં, પાંડવોએ રાખી આસનાવાસના કરી અને આશ્રય આપ્યો. દુર્યોધનની સાથે તેના કેટલાક મિત્ર પકડાઇ બંધાઇ ગયા હતા, એટલુંજ નહીં પણ એ સરવેની સ્ત્રીઓની પણ એજ દશા થઇ હતી. આ સમાચારથી પાંડવોને બહુ ખેદ થયો, અને રાજા યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને કહ્યું કે દુર્યોધનને અને તેની સાથે પકડાયલા સર્વને છોડાવી લાવવા એજ આપણને ઘટે છે, અને એજ આપણો ધર્મ છે. તેના એક ભાઇ ભીમસેને પાછલી વાતો યાદ દેવાડી ત્યારે રાજા યુધિષ્ઠિરે તેને કહ્યું કે નઠારાનો બદલો નઠારો આપવો એ બહુ સહેલું છે પણ તે નબળા માણુસનેજ શોભે છે. નઠારૂં કોઇએ કીધું હોય તો કેટલાક માણુસો સામું નઠારૂં કરતાં નથી અને તેનાથી વેગળા રહી સારૂં પણ કરતાં નથી, આવા માણુસો મધ્યમ છે, અને નઠારાનો બદલો નઠારૂં આપનારા છેક ઉતરતા છે, પણ ખરેખરા ઉંચા ગુણના મોટા મનના અને વખાણવા લાયક, તો તેજ છે કે જેઓ અપકારને બીલકુલ વીસરી જઇને સામો ઉપકાર કરે છે, માટે તમે સર્વ ભાઇઓ એકદમ અહીંથી ઉપડો અને બધાને

છોડવી લાવો. મોટાભાઈની આજ્ઞા થતાં બીજા તરત ઉઠ્યા. ઉતાવળથી ધાયા, અને સર્વને છોડાવી લાવ્યા. જેને છોડાવી લાવ્યા તેઓ સરવેની પાંડવોના મુકામ ઉપર ઘણી આસ-નાવાસના કરવામાં આવી, તેઓની સારી બરદાશ થઈ, અને સારા ભાવથી પાંડવોએ તેમને વિદાય કીધા. પાંડવો-નાં મનમાં લેશ માત્ર પણ દ્વેષ નહોતો, અને તેઓની આવી વર્તણુંકથી દુર્યોધન અને તેની સાથેના સર્વ માણસો શરમ-થી નીચું જોઈ રહ્યા હતા. જે કોઈ આપણું માઠું કરે તો આવી રીતે તે વાત મનમાં નહીં લાવતાં વખત આવે તેઓનું સારૂં કરવાને માટે આપણે કદી પણ ચુકવું નહીં જોઈએ.

ઈશ્વર ભક્ત—મ્હોટાનો ખોટો ઉપદેશ

ધીરજ.

પ્રહ્લાદ.

આ પૃથ્વી, પાણી, તેજ, આકાશ, સુરજ પર્વત, નદી, જીવ, જંતુ, પશુ, પંખી, માણસ, સઘળાનો પેદા કરનારો જે ઇશ્વર છે, તેની હુંમેશ ભક્તિ કરવી એ આપણી પહેલી ફરજ છે. આપણને માટે તેણે દુનિયામાં અનેક વસ્તુઓ બનાવી છે, અને તેના ઉપકાર ઘણા છે, તેની શકિતનો પાર નથી. તે સઘળા સદગુણોનો ભંડાર છે, પવિત્ર છે, અને તેની બરોબરી કોઇથી થઇ શકતી નથી. તેને જે કોઇ વિસારી મુકે છે અને ભજતો નથી તે પાપીમાં ખપે છે. આપણે સહવારના પ્રહોરમાં ઉઠતાં વારને પહેલાં તેમને સંભારીને મનથી પગે લાગવું જોઇયે. તેની પાસે માગવું કે હે પ્રભુ તારા ઉપકાર ઘણા છે, તેં રાતે હું ઉંઘતો હતો તે વખતે મારી સંભાળ લીધી છે, અને હવે દીવશના હું મારા સઘળાં કામ કરૂં તેમાં મને સારી મતી આપજે પછી દાતણ પાણી કરી નાહીને પવિત્ર થવું જોઇયે, કેમકે પવિત્ર થયા વિના પવિત્ર ઇશ્વરની સેવા કરવી એ ઠીક નથી. માટે ચોખા થઇ-

નેજ તેનું નામ વારંવાર જપવું. આપણાં સઘળાં દુઃખને તે હરનારો છે માટે તેનું નામ હરી કહેવાય છે. એ હરીને હંમેશાં આપણા દીલમાં રાખવો અને તેનાથી ડરીને કંઇ પણ ખોટું કામ કરવું નહીં. "હરી હરી," એમ જે હંમેશ તેનું ભજન કરે છે તેના ઉપર તે રાજી થાય છે. પ્રહલાદ નામનો એક નાનો છોકરો હતો. તેનો બાપ હિરણ્યકશિપુ બહુ બળવાન આખી પૃથ્વીનો માલીક હતો. પણ તે હરીને પોતાના દુશ્મન જેવો જાણતો હતો અને તેણે કોઇએ હરીનું નામ નહી લેવું, એવો પોતાની પ્રજામાં દાંડી ફેરવી હુકમ કહાડયો હતો. પ્રલહાદને તો ઇશ્વરના ઉપર પુરણ ભક્તિ હતી અને તેથી તેના બાપે તેને બહુ સમજાવ્યો પણ તેણે ભક્તિ મુકી નહી. તેના બાપે તેને કહ્યું કે અલ્યા તું પોતાના બાપનું કહ્યું પણ માનતો નથી. બાપનું કહેવું જે છોકરો નહી માને તે પાપમાં પડે છે. છોકરાએ જવાબ દીધો કે એ વાત ખરી છે. બાપનું કહ્યું પણ માનવું જોઇયે અને જે નહી માને તે પાપમાં પડે. પણ તે ખોટું કામ કરવાનું કહે તે કેમ મનાય ? બાપની સેવા કરવી એ ફરજ છે, તેમજ બાપનો પણ બાપ અને આખા જગતનો જે બાપ અને પેદા કરનારો તેની પણ સેવા કરવી એ ફરજ છે. એવા મોટા બાપના બાપ અને જગતના બાપને કેમ મુકાય ? છોકરાનો બાપ ઘણો આકળા સ્વભાવનો અને દુષ્ટ હતો, તેણે છોકરાને મારી નંખાવવાને બહુ દુઃખ દીધું. તેના નોકરોએ બિચારા પ્રહલાદને

પર્વતો ઉપરથી ફેંકી દીધો; વાઘ, વરૂ, અને ઘાતકી પ્રાણીઓના મોહંડાં આગળ મૂકયો. પાણીમાં બુડાડી દેવાને પાણીમાં નાંખ્યો, પણ તેને જરા પણ ઈજા થઈ નહીં, તે વારે વારે "હરી, હરી." એમ બોલ્યાંજ કરતો. અને હરી ઉપર પુરે પુરો, ભરૂસો રાખતો હતો. આ બધી વાત તેના બાપે જાણી ત્યારે પોતાની સભાની વચમાં છોકરાને બોલાવી મંગાવ્યો અને બહુ ધમકાવ્યો પણ છોકરો જરા ડગ્યો નહીં. ત્યારે છેવટે દયાની લાગણી વિનાનો બાપ હાથમાં તરવાર લઇને ઉભો થયો છોકરાની સામુ ધાયો અને બોલ્યો કે બતાવ કયાં છે તારો હરિ? તેને અને તને બન્નેને મારી નાંખીશ. આવા સંકટ વખતે પણ છોકરાએ ધીરજ મુકી નહીં અને કહ્યું કે મારો હરી તો જેમાં જુઓ તેમાં બધે છે. તેના બાપે કહ્યું કે શું થાંભલામાં પણ છે? છોકરાએ જવાબ દીધો કે "અરે થાંભલામાં છે અને બધે છે, "હરી હરી" એટલું કહેતામાં તેના બાપે તરવાર મારી થાંભલો ચીરી નાંખ્યો, થાંભલો ચીરાતાંજ તેમાંથી ભયંકર અવાજ થયો, અને અડધું માણસનું અને અડધું સિંહનું એવું નૃસિંહ રૂપ પ્રગટ થયું. ત્યાં હાહાકાર થઇ ગયો. સભામાં બેઠેલાઓમાં નાસાનાસ થઇ અને નૃસિંહ રૂપે પ્રગટ થયલા શ્રી હરિએ હિરણ્યકશિપુ દૈત્યને પકડીને ચીરી નાંખ્યો, આવી રીતે બાળક પ્રહલાદનું રક્ષણ થયું અને તેને રાજ્યગાદી પણ મળી. નૃસિંહ ભગવાને પણ તેને બહુ આશિર્વાદ આપ્યા. તેનું રાજ્ય થતાં પ્રજામાં ઇશ્વર ભક્તિ ફરીથી જારી થઇ અને સઘળાં સુખમાં રહેવા લાગ્યા.

રાજ્ય ભક્તિ.

ભિષ્મ અને દ્રાણ.

એક કુટુંબમાં જેમ વડીલ બાપ હોય છે, અને તેના કહેવા પ્રમાણે કુટુંબના સઘળાં માણસો ચાલે છે, તેજ પ્રમાણે એક દેશમાં સઘળી પ્રજાનો વડીલ રાજા હોય છે અને તેના હુકમ અને તેની મરજી પ્રમાણે બધાએ ચાલવું જોઇએ. રાજા, ગમે તેવો હોય તોપણ તેની સત્તા મ્હોટી છે. તેનાથી સહુનું પોશણ થાય છે, તેનાથી સહુનું રક્ષણ થાય છે અને તેનાથીજ સહુને સુખ મળે છે. આપણા શાસ્ત્રોમાં અને તેમજ બીજાં ધર્મનાં શાસ્ત્રોમાં પણ રાજાને ઘણો વખાણેલો છે. તેના પૂર્વજન્મના કર્મ ઘણાંજ સારાં હશે તેથીજ એવી, પૃથ્વીમાં સહુથી મ્હોટી સત્તા અને મોટી પદ્વી તેને મળેલી છે, માટે તેની ભણી હંમેશ સારો ભાવ અને ભક્તિ રાખવાં જોઇયે. રાજાઓ ઇશ્વરનો અંશ છે, એમ આગળ થઇ ગયલા રૂષિઓ કહી ગયા છે. રાજાનાં દર્શન કરવાથી ઇશ્વરનાં દર્શન કર્યાં ગણાય છે. ઇશ્વર અગણીત પૃથ્વીનો પાળનારો છે અને રાજા આ એક પૃથ્વીનો પાળનાર છે, એમ બન્નેની સરખામણી કરતાં રાજાને ઇશ્વરનો અંશ કહયો છે તે બરાબર છે. એટલાજ માટે જુના વખતમાં આપણા દેશમાં ઉંચામાં ઉંચી રાજ ભક્તિ જણાતી હતી.

કોઈ પણ માણસ રાજાની સામું કદી પણ થતું નહીં, અને રાજાને માટે જીવ આપવાને સહુ કોઈ તૈયાર રહેતું હતું, રજપુતોમાં સ્વામિ ધર્મનો મહિમા મ્હોટો હતો. પોતાના રાજની ખાતર સેંકડો અને હજારો રજપુતોએ પોતાના જીવ આપેલા છે એમ ઇતિહાસ વાંચનાર સારી પેઠે જાણે છે. સ્વામિ ધર્મ પાળવાથી સ્વર્ગ મળે છે એમ રજપુતોના મનમાં કોતરાઇ રહેલું હતું. અસલના વખતમાં રાજાઓ પોતાની પ્રજાને સારી રીતે સંભાળતા હતા, અને પ્રજા તેમના ઉપર અત્યંત પ્રીતિ રાખતી હતી. રાજા કદી લોકને નહીં રૂચે એવું કંઇ કામ કરતા તો પ્રજા તેની સામે થતી નહીં પણ રાજાની પોતાનીજ પાસે જઇને નમ્રતાથી પોતાને કહેવાનું તે કહેતી. પ્રજા એમ સમજતી હતી કે ઇશ્વરને સર્વની કાળજી છે અને તે સહુના દુઃખનો ટાળનાર છે, માટે તેના ઉપર ભરૂસો રાખીશું તો તે પોતે સારૂં કીધા વિના રહેશે નહીં, અને ઘેરાઈ આવેલું કાળું વાદળ વીખરાઈ જશે. માટે જે પ્રતાપી પુરૂષ આપણા ઉપર રાજકર્તા હોય તેને ઇશ્વરના અંશ રૂપ જાણીને તેની ભણી સંપૂર્ણ ભકિતભાવ રાખવો એ આપણી ફરજ છે. આ વિષય ઉપર મહાભારતમાં સારો દાખલો આપેલો છે. પાંડવોનું રાજ કપટ કરીને કૌરવો પચાવી પડેલાં હતા. કૌરવોના મુખ્ય પુરૂષ–રાજ્યકર્તા ઘણો ખળ, દુષ્ટ અને નબળા આચરણ વાળો દુર્યોધન નામે હતો. એ કૌરવની સત્તા ચાલી રહી હતી તે વેળાએ ભીષ્મ અને દ્રોણ નામના મહા સમર્થ વિદ્વાન, ધર્મનિષ્ટ અને લોકોમાં પુજ્ય પુરૂષો હતા. તેઓને કૌરવોની

રીત જરા પણ પસંદ નહોતી, જ્યારે જ્યારે નઠારાં કામ કરવાને દુર્યોધન વિચાર કરતો ત્યારે ત્યારે એ બન્ને જણા તેને કહેતા કે તમે ખોટું કામ કરવાનું છોડીદો. તેઓ બન્નેની પ્રીતિ પાંડવો ભણી હતી કેમકે પાંડવો ધર્મને રસ્તે જનારા હતા અને રાજના ખરા હકદાર હતા, આટલું છતાં દુર્યોધન તથા તેમના સોબતીઓનો જુલમ ભીષ્મ અને દ્રોણ જોયા કરતા હતા અને તે વખતે તો રાજાનું પદ દુર્યોધન પાસે હતું તેથી ગમે તેવો પણ તે રાજા છે એમ જાણી તેઓ રાજની સામે કંઇ પણ તોફાન ફીતુર કરતા નહોતા. રાજા જો સત્ય ધર્મથી ચુકશે, અને નહી કરવાનાં કામ અને જુલમ કરશે તો તેને શિક્ષા કરવાને ઇશ્વર શકિતમાન છે, અને તેથી પ્રજાએ તો રાજપ્રતિ પોતાની ભકિત જાળવી રાખીનેજ ચાલવું એમાં તેઓનું કલ્યાણ છે એમ એ બન્ને મોટા પુરૂષો સમજતા હતા. એજ કારણથી જ્યારે કૌરવ અને પાંડવોની વચ્ચે મોટી લડાઇ થઇ ત્યારે તેઓ બન્ને જણા, પાંડવો ઉપર પુરણ ભાવ છતાં, પોતાના રાજા દુર્યોધન તરફ રહ્યા એટલુંજ નહીં પણ પાંડવોની સામે સારી પેઠે લડયા, અને એમ કરતાં લડાઈમાં પોતાના રાજાને માટે તમણે પોતાનો પ્રાણ આપ્યો. આવા પુરૂષોજ ઈશ્વરને વહાલા છે કેમકે પોતાની જે ફરજ છે તે ફરજથી તેઓ જુઠાં બહાનાં કહાડી, કદી પણ ચુકતા નથી, ખરે ધન્ય છે એવાને !

ૐ

શાન્તિ: શાન્તિ: શાન્તિ:

ભાગ ૧લો સમાપ્ત.